विद्यार्थीओने बोध वचन.



विघ्नैः पुनः पुनरपि प्रतिहन्य मानाः
प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति ॥

યોજક.

જગન્નાથ જેઠાભાઈ રાવળ.

કીંમત ૨॥ આના.

એન. એમ. ત્રિપાઠીની કંપની મુંબઈ.

विद्यार्थीओने बोध वचन.

विघ्नैः पुनः पुनरपि प्रतिहन्य मानाः
प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति ॥

યોજક

જગન્નાથ જેઠાભાઈ રાવળ.

(મ્યુ. રંગારી મહોલ્લાની શાળાનો મુખ્ય શિક્ષક મુંબઈ.)

સંવત્ ૧૯૬૬ ઈ. સ. ૧૯૧૦.

મુંબઈ:—તત્ત્વવિવેચક પ્રેસ.

કીંમત ૨॥ આના.

એન. એમ. ત્રિપાઠીની કંપની. મુંબઈ.

અર્પણપત્રિકા.

મહેરબાન,

ડૉક્ટર શેઠ ડોસાભાઈ કાવસજી પટેલ.

એલ. એમ. એન્ડ એસ. જે. પી.

બાળકોને સ્વાશ્રયી બનાવવામાં, તેમના વ્યવહારિક રસ્તાઓ સરલ કરવામાં, તેમને સાદી જીંદગી ભોગવવાની સુટેવો પાડવામાં, કેવળ પ્રારબ્ધ આધિન ન રહેવાની સૂચના કરવામાં, તેમનું બુદ્ધિબળ વધારવામાં અને કેળવણીનો ઉંચો પ્રચાર જોવાની, આપની આતુર ઈચ્છાઓ જોઈ, આ બાળકોનું નાનું પુસ્તક "બોધવચન" આપના ઉદાર અને દયાળુ નામ સાથે જોડી, તેમનાં કેળવણીનાં સાહિત્યમાં કોઈ અંશે હું વધારો કરી આપું છું, જે આપ સ્વીકારવા મહેરબાન થશો.

આપનો સેવક

જગન્નાથ જેઠાભાઈ રાવળ.

પ્રસ્તાવના.

"સત્ય" અખિલ સંસારમાં સર્વત્ર મોખરે ધરાવે છે. "સત્ય" જ જીતે છે અને "સત્ય" જ પહેલો ધર્મ મનાયો છે. અહીં આપણી "**ભારત**" ભૂમીમાં તો ઇતિહાસ પુરાણ વગેરે બધામાં સત્યનોજ બોધ થયેલો છે. એક ન જીવું સરખું પણ અસત્ય બોલવાના કરતાં રાજ્યની વિભૂતિ ખોવાનું ઘણા મહાન રાજાઓએ પસંદ કરેલું છે.

સત્યની સમજ સાથેજ બીજું જ્ઞાન પણ આપો આપ આવેછે. સત્ય સેવા, સત્ય ભક્તિ, સત્ય અભિમાન, સત્ય જ્ઞાન, અને સત્યથીજ ચલાવાતું રાજ્ય–એ આપણાં પુરાણાદિનો ખાસ વિષય છે. નાનાં બાળકોને આ બધું શીખવવાની પ્રણાલિકા ગુરૂ પરંપરાથી ચાલી આવતી, તે બંધ થતાં હવે પુસ્તકો દ્વારા તેવું જ્ઞાન આપવાની ફરજ આવી પડી છે, અને આ લઘુ પુસ્તકનો ઉદ્દેશ એવો છે કે નાનાં બાળકોને પોતાનું કામ સત્ય ધર્મપર આધાર રાખી, કેવી રીતે કરવું, તેનું જ્ઞાન, ઘરગથ્થુ, અને સરલ પદ્ધતિથી આપવું.

શાળામાં હાજર થયા પછી પોતાના સાથી તથા શિક્ષક સાથે કેમ વર્તવું, પોતે કેવા મિત્ર કરવા, પોતાનો વખત કેવી રીતે કાઢવો તેની સૂચના કરી છે. પછી કેટલાંક નીતિનાં બોધ વચનો લખ્યાં છે, ત્યાર બાદ **ઉદ્યોગ, શ્રદ્ધા, ભ્રાતૃભાવ, સ્વાભિમાન, આત્મશ્રદ્ધા, કૃપણતા, સ્વાશ્રય, વિપત્તિ** વગેરેના નાના નાના પાઠો બનાવી કેવળ પ્રારબ્ધ વાદી બાળકો ન બને, પણ કંઈ પ્રયત્ન તરફ ધ્યાન કરે, એવો હેતુ તેમને સૂચવ્યો છે. ઇશ્વરે આપણે વાસ્તે અનેક વસ્તુઓ બનાવી છે, અને તે સૃષ્ટિના ખુણાઓમાં ગમે ત્યાં ગોઠવાએલી છે. કોઈ જમીનમાં અનેક પ્રકારની ધાતુઓની ખાણો છે, સમુદ્રમાં મોતી, સોનું, રૂપું અને મોટા રાજાઓના ભંડાર ગેબ થએલા સંભળાય છે, પણ જ્યારે તે વસ્તુઓ કાઢી મનુષ્ય અરસપરસ એક બીજાના મોઢા આગળ મૂકે છે, ત્યારેજ તે કામમાં આવેછે.

તેમાં વચ્ચે મનુષ્ય પોતાના કર્તવ્યનું અભિમાન માને છે. એ રીતે ગમે તેની વાડીમાંથી સાહિત્યના છોડ લાવી ઉધરતી પ્રજા આગળ રજુ કરવા, તે તેમને તો નવા જેવુંજ માનવાનું છે. સૃષ્ટિનો ક્રમ પણ એવોજ જણાય છે કે "**આગળ થાય અને પાછળ ભૂસાય**".

અત્યારની કેળવણી ફક્ત એકજ પ્રકારની યોગ્યતા ઉત્પન્ન કરેછે તે એ કે, પાસ થઈ તરતજ નોકરી લેવી. **ઘાંચી, મોચી, સઈ, સુથાર, કોળી, નાળી, ધોબી, હજામ,** વગેરે સર્વના વિચાર ઉપર પ્રમાણે થઈ ગયા છે અને કારકુન બની ખુરસી ઉપર બેઠા બેઠા ખાવાની ઇચ્છા થઈ છે. વળી સહેજ કેળવણી સાથે **કાપ, કોલર, નેક ટાઇટ** વગેરે તો ખરાંજ ! અર્થાત જે કારીગર વર્ગ ઉપયોગનો હતો તેપણ અત્યારે બગડતો જાય છે, અને પોતાના ધંધાની ઉપેક્ષા—અવગણના-કરી બેદરકાર થાય છે. જે ધંધા સંબંધી ખરી કેળવણી હતી તે મટી "**મુગવાળી**" કેળવણી શરૂ થઈ છે. બેટા બારીસ્ટર થઇને આવ્યા કે ઘર આગળથી માબાપને ઢોર ઢાંખર કે જનાવર કંઈ જોઇએ નહિ એવો હુકમ કરવામાં આવેછે, કારણ કે આંગણે ગંદકી થાય, પણ તેમને સવારમાં ચા, દુધ માખણ, ઘી વગેરેની જરૂર તો ખરીજ ! આપ્રમાણે જો દરેક ખેડુત વર્ગ કેળવણીનો ઉપયોગ કરે, તો શો પરિણામ આવે તે આપણે જાતે વિચારી જુઓ !

બેરીસ્ટર થએલા પાટીદારે હળજ ખેડવું, સુથારે ગાડાંજ બનાવવાં, લુહારે લોઢુંજ ટીપવું, અને વણકરે શાળજ હલાવવી એવો મારો કહેવાનો હેતુ નથી પણ સુધરેલા ખેડુતે સારાં હથિઆર કે ખાતર નાખી જમીનને કેળવવાની રીતી પોતાના વર્ગને દેખાડવી જોઇએ, સુથારે "**પુનાની એંનજીનરી કોલેજ**માં" શીખવા જવાની પોતાની જ્ઞાતીમાં સૂચના કરવી જોઇએ. કુંભારે **મુંબઇની "આર્ટશાળા" માં** અભ્યાસ કરી ચિનાઈ તથા વિલાયતી માટીના ઘાટો કેમ બને છે તે પોતાના વર્ગને બતાવવું જોઇએ. દરજીએ કપડાં કેમ કાપવાં તે જાણવું જોઇએ, કારણ કે ફીરંગી એક ડગલાના ૩–૪ રૂપીઆ લેછે ને તેને ફકત છ આનાજ મળેછે, તો તેની હરિફાઈ પોતાની પ્રજા કેવી રીતે કરે તે કેળવાએલા દરજીએ બતાવવું જોઇએ. અત્રેથી દેશી ચામડાં વિલાયત જાયછે, ત્યાંથી સાફ થઇને ત્રણ ગણી કીંમતે તે અહીં આવી વેચાયછે, તો તે મોચીના દીકરાએ જાણવું જોઇએ કે, તે કેવી રીતે સાફ થાયછે અને કયે રસ્તે તેનો મોટો વ્યાપાર આપણે કરી શકી શું. અત્યારે **કાનપુરમાં** તથા **મુંબઇમાં** જોડા શીવવાનાં મોટાં કારખાનાં શરૂ થયાંછે, જે ઘણી ખરી વિલાયતી ચીજોની હરિફાઈ કરેછે, અને આપણા ગરીબ મોચીઓના ઉદ્યોગમાં પણ મદદરૂપ થઈ પડયાંછે. જ્યાંસુધી આપણે આપણી ખોટી મોટાઇને વળગી રહીશું અને ખરા ધંધાને ખેડીશું નહિ, ત્યાંસુધી આપણી ખરી ઉન્નતિ નથી.

આવી ઉન્નતિની પ્રાપ્તિ માટે જરૂરનું છે કે સૌએ પોતપોતાને ધર્મ-પ્રભુએ નિર્માણ કરેલી ખરી ફરજ–બરાબર ધ્યાનમાં લેવી. અને નાનપણથીજ તેવી શરૂવાત કરાવવાના હેતુથી નાનાં બાળકોએ કેવી રીતે વર્તન કરવું તેને બોધ આ પુસ્તકમાં આપવાને પ્રયત્ન થયોછે. એ પ્રયત્નની ખામીઓ બતાવી સુધારવી અને તેના જેવા વધારે સારા પ્રયત્ન કરવા એ હાલના વિદ્વાનોનું કામ છે અને પ્રભુપાસે પ્રાર્થના છે કે તે કામ વધારે ને વધારે આગળ ચાલતું જાય.

સ્વર્ગસ્થ ડોકટર ઇસમાઇલ જાન મહમદના કુટુંબ તરફતી તથા તેમના ઉદાર ટ્રસ્ટી **શેઠ શરીફભાઈ થાવર મીસ્રી** તરફથી આ બાળકોનાં કામ કરવામાં મને પૈસા તરફથી ઘણી મદદ મળેલી છે, તેથી તેઓનાં ઉદાર નામોને યાદ કરી આ પ્રસ્તાવના સમાપ્ત કરૂંછું.

મ્યુ૦ રંગારી સ્ટ્રીટ શાળા.
સને ૧૯૧૦ મુંબઈ. } **જગન્નાથ જેઠાભાઈ રાવળ.**

અનુક્રમણિકા.



विद्यार्थीओने बोधवचन.

(शाळामां जता विद्यार्थीओने सूचना.)

૧ ભણવાનાં સઘળાં સાધનો સ્લેટ, ચોપડી, પેન વગેરે સંભાળી ઘંટ વાગતા પહેલાં ૧૫ મિનિટ અગાઉ, જમીને શાળામાં હાજર થવું, અને કંઇપણ ઘોંઘાટ કર્યા વગર, શિક્ષકને નમન કરી પોતાની જગોએ બેસી જવું.

૨ શિક્ષકની ગેરહાજરીમાં જે મુખ્ય વિદ્યાર્થી–મોનીટર–હોય, તેની આજ્ઞામાં દરેક જણે રહેવું જોઇએ.

૩ વિદ્યાર્થીઓએ પોતાના વર્ગ સિવાય બીજા વર્ગમાં રજા વિના દાખલ થવું નહિ.

૪ વર્ગમાં વાંકા ચુકા કે બદન, કોટ વગેરેનાં બટન કાઢી ઉઘાડા બેસવું કે જોડા વગર આવવું એ અવિવેક ગણાય છે.

૫ કોઇ પણ વિદ્યાર્થીએ મંદવાડ કે અગત્યના કામ સિવાય ગેરહાજર રહેવું નહિ; ને કદાચ તેમ બને તો પોતાના વડિલની ચિઠ્ઠી બીજે દિવસે લેતા આવવું.

૬ ચાલતા લેસને કંઈ પણ વાતચિત કરવી કે ઉઠવું નહિ; પોતાના પાઠપર અને શિક્ષક કહે તે તરફ ધ્યાન આપવું; હાજતના સબળ કારણસર લેસન ચાલતી વખતે રજા માગવાની જરૂર પડે તો, પોતાની જગો ઉપરજ ઉભા થવું, અને હાજતનું જે ચિન્હ હોય, તે ઈશારતથી બતાવી રજા માગવી. ("ઘર

આગળ થોડું કામ કરનારો છોકરો પણ વર્ગમાં બરાબર હાજર થઈ, શિક્ષકના બોલવા તરફ ધ્યાન આપે, તો તે પણ થોડે વખતે પાવરધો થઈ શકે છે.").

૭ શાળામાં કોઈ સદ્ગૃહસ્થ કે શાળાના ઉપરી સાહેબો પધારે, તેમને પોતાના શિક્ષક ઉભા થઈ માન આપે, તે વખતે વિદ્યાર્થીઓએ પણ ઉભા થઈ માન આપવું, પણ "સાહેબજી, સાહેબજી" કહી બૂમો પાડવી નહિ.

૮ મોટા માણુસ સાથે વાત કરતી વખતે "શેઠ સાહેબ કે મહેરબાન સાહેબ" એમ વિશેષણ લગાડી બોલવું, પણ જો સગાઈનો સંબંધ હોય તો સગાઈના નામની સાથે "જી" લગાડીને આદર કરવો.

૯ શિક્ષક કોઈ બાબત સમજાવતાં પૂછે કે કેમ સમજ્યા? તો "હા, કે" "ના" એમ નહિ બોલતાં "હાજી" કે "નાજી" બોલવું જોઈએ.

૧૦ પોતાની સાથે શીખતા વિદ્યાર્થીઓને માનથી બોલાવવા. પૈસાદાર કે ગરીબ સર્વની સાથે સરખી દોસ્તી રાખવી.

૧૧ કોઈ પણ વિદ્યાર્થીની ચોપડી ભૂલથી સાંજે આપણા દફ્તરમાં આવી ગઈ હોય તો તે બીજે દિવસે તરતજ શિક્ષકના ટેબલપર પાછી મૂકી જવી. (જૂઠું બોલવું અને ચોરી કરવી એ મહા પાપ છે.)

૧૨ કોઈ વિદ્યાર્થી મંદ બુદ્ધિનો હોય ને તેને કદાચ કોઈ વિષય ભારે પડેતો, તેનું હાસ્ય ન કરતાં ધીરજ આપી સમજાવવો.

૧૩ શિક્ષક કોઈ બાબત પૂછતા હોય, ને તે આવડતી હોય તો મનમાં રાખી મૂકવા કરતાં, ધીરજથી કહી દેવી, પણ નકામો વખત કાઢવો નહિ. જો તેની સમજણ ન હોય તો તે ગમે તેમ સાચું જૂઠું ભરડી બોલવું નહિ, તે વખતે તો મૌનજ પકડવું.

૧૪ જેને સવાલ પૂછવામાં આવે, તે જવાબ આપે તે દરમ્યાન અગાઉથી બીજાએ એકદમ બોલી લેને નુકસાન કરવું નહિ; પણ પોતાના મનમાં જવાબ ગોઠવી રાખવો.

૧૫ પૂછેલા પ્રશ્નનો જવાબ ઉભા થયા વગર આપવો નહિં, તેમજ ઉભા થતી વખત જગાપરથી આઘાપાછા ખસ્યા વગર સ્થિર રહેવું.

૧૬ રોજનું લેસન પાકું કરતા જવું, નહિ તો પછી તે બોજા રૂપ થશે અને કંટાળો આપશે. જે છોકરો શરૂઆતમાંજ પોતાનો ભણવાનો પાયો મજબુત કરતો જાયછે, તેને તેમાં આનંદ રહેછે, અને તે પોતાનું કામ સારી રીતે પાર મૂકે છે.

૧૭ શિક્ષકના ઠપકામાં વારંવાર ન આવવું; એ તેમને વ્હાલા થવાનું સાધન છે.

૧૮ સુંદર અને ભપકાદાર કપડાંને માટે માબાપ આગળ હઠ કરવી નહિ, પણ સફાઇદાર અને સાદાં કપડાં મેળવવાની કાળજી રાખવી.

૧૮ તમારે હંમેશાં શરીરે ચોકખાઈ રાખવી. તેવીજ રીતે કપડાં, ચોપડી, બેસવાની જગ્યા વગેરે સ્વચ્છ રાખવાથી મનને આનંદ રહેછે.

૨૦ આપણને પાડોશી, માબાપ, કે શિક્ષક, એ વડિલોમાંથી કોઈ કાંઈ કામ બતાવે તો તે શું કહેછે તે, પૂરે પૂરૂં સાંભળ્યા સિવાય " હાજી " કરીશ, એમ ભરોસો દેવા કરતાં ફરીથી પૂછ્વું એ વધારે સારૂં છે. પણ વારે વારે સાંભળવાની બેદરકારી રાખવી એ ઠીક નહિ.

૨૧ આપણી સાથે રમનાર, ભણનાર અને જમનાર વિદ્યાર્થીએ કરેલો ઉપકાર કદી ભુલવો નહિ, કદાચિત્ તેની ભૂલ થાય તે માટે તેને ક્ષમા કરવી.

૨૨ આપણા બરાબરીઆ કે આપણાથી નાના અગર જેઓ શરીરે અપંગ હોય, તેવાને દુઃખ થાય તેવું બોલવું કે મશ્કરી કરવી એ પણ એક જાતનું નિર્દયપણું છે.

૨૩ બોલવામાં હંમેશાં સભ્યતા રાખવી. કોઇને કાંઈ પૂછ્વું હોય ત્યારે મહેરબાની કરીને "કહેશો કે?" આમ બોલી શરૂ-

આત કરવી. રસ્તે ફરતાહો ત્યારે પણ તેટલીજ સભ્યતાની જરૂર છે. તમારા શેઠ શેઠાણી કે ગુરૂ તમને પ્રથમ મળે ત્યારે, તમારા રિવાજ પ્રમાણે માનના શબ્દો બોલી નમન કરવું.

૨૪ સર્વેની શિખામણ માનવી, એક કામ ફરમાવવાને તમને બે વખત કહેવું ન પડે, એ સંભાળવું. થોડું કરવું પણ ધ્યાન રાખીને વ્યવસ્થા પૂર્વક કરવું, જેથી આગળ જતાં મોટા કામના બોજામાં ગુંચવણ પડે નહિ.

૨૫ જેવો બીજાએ આપણા ઉપર ઉપકાર કર્યો હોય, તેવો તેમના ઉપર કરી બતાવવો એ જીંદગીની ઉત્તમ રીતછે.

૨૬ દૃઢ મનના સંકલ્પ આગળ વિઘ્નો આપોઆપ વિખરાઈ જાયછે. કોઈ શુભ કામમાં નિરાશ થઈએ, તોપણ તે ફરી ફરીને કરવું; લોકની નિંદાને સ્વાધિન થઈ સત્કાર્યને પડતું ન મૂકવું.

૨૭ પોતાને હાથેજ પોતાનું કામ કરી લેવાની ટેવથી પોતાના સુભાગ્યનો પાયો સારો બંધાય છે. **સ્વાશ્રયી** થવાનો નિયમ બાળકોએ જરૂર પાળવો જોઇએ. જ્યાં આપણને કંઇપણ રસ્તો ન સૂઝે ત્યાંજ શિક્ષક કે વડિલની મદદ લેવી જોઇએ. **"હંમેશાં રસ્તો સૂચવનારો માણસ પાસેજ જોઇએ એવી જે ટેવ તે પણ આળસનું પરિણામ મનાય છે. અને ઉન્નતિમાં તે આપણને પાછા હઠાવે છે."**

૨૮ જે ખરૂં હોય તે કરવું, કારણ કે તેમાં કાંઈ હરકત નથી. પોતાની ફરજ બજાવતાં ગમે તેવી અડચણ આવી પડે, તોપણ તેમાં પાછી પાની કરવી નહિ.

૨૯ મન કેળવવાની જેટલી જરૂર છે, તેટલીજ બલકે તેથી વધારે શરીર કેળવવાની સમજવી, કેમકે તન મજબુત હશે તોજ આગળ અભ્યાસ થશે.

૩૦ આપણી વાત સાચી છે, તે જણાવવા કદી પણ સોગન ખાવા નહિ. મહોલ્લામાં અને બીજે ઠેકાણે ખરાબ શબ્દો બોલવાની ટેવ રાખવી નહિ.

૩૧ જે બાળક માતા, પિતા, ગુરૂ, ભાઈ અને વડિલો પ્રત્યે પૂજ્ય વૃતિ રાખેછે, તે મોટા સુખને યોગ્ય થાયછે.

૩૨ પોતાથી જુદો વિચાર ધરાવનાર વિદ્યાર્થીને ધિક્કારવા કરતાં, તેનાપર માનની નજરથી જોવાની ટેવ રાખવાથી, ઘણા મિત્રો મળી આવેછે.

૩૩ ધ્યાન રાખ્યા વિના પાઠ દશ વાર વાંચવો, તે કરતાં ન વાંચવો તે વધારે સારો, કેમકે તેટલો વખત રમતમાં ગળાય તો શરીર કેળવાય.

૩૪ દરેક વાકય કટકે કટકે ચાર પાંચ વાર વાંચ્યાથી, કાંઈ યાદ રહેતું નથી પણ આખું વાકય સમજીને બેવાર વાંચેલું હોય તો તે વધારે યાદ રહેછે.

૩૫ નાનાં છોકરાંઓએ પણ ભાષણો આપવાની અને જ્ઞાનની બાબતોપર વિવેચન કરવાની મંડળીઓ સ્થાપવી જોઇએ, જેથી ગમ્મત સાથે જ્ઞાન મળશે.

૩૬ રસ્તામાં ચાલતી વખત જમણી બાજુ પસંદ કરવી અને રેલવે કે ટ્રામગાડીમાંથી ઉતરતી વખતે સામે મોઢે ઉતરવું જોઇએ.

૩૭ ઉજાગરો બહુ કરવો નહિ. પોતાની પ્રકૃતિનો વિચાર કરીને ઓછામાં ઓછા ૭ અને ઘણામાં ઘણા નવ કલાક નિદ્રા લેવી. રાત્રિએ દશ વાગ્યા પછી કદી જાગવું નહિ, અને પ્રાતઃ-કાળે પાંચ વાગ્યા પછી કદી ઉંઘવું નહિ.

बाळकोमाटे उद्योग क्रम.

(દિવસના ભાગ.)

૫ થી ૭ સવારમાં ઉઠવું, ન્હાવું, ધોવું, પરમેશ્વરની પ્રાર્થના તથા અંગ કસરત કરવી.

૭ થી ૯ અભ્યાસઃ—શિક્ષક આપેલા ગૃહપાઠ તૈયાર કરવા.

૯ થી ૧૦½ ખાવા પીવા તથા શાળામાં જવા માટે.

૧૦½ થી ૪½ શાળામાં અભ્યાસ કરવો.

૪½ થી ૭ સાંજે બહાર ફરવામાં તથા કસરત કરવામાં ગુજારવો.

૭ થી ૮ વાળુ કરવું, પછી પોતાનાં બેન ભાઈ સાથે રમત ગમતમાં ગાળવો. ગાવું વગાડવું વગેરે કંઈ વાગ વિનોદ કરવો.

૮ થી ૧૦ વાંચવું.

૧૦ થી ૫ ઊંઘવું.

नीतिनां वचनो.

૧ માબાપ અને ગુરૂની આજ્ઞા માનવી.

૨ ચોરી ચાડી કે જૂઠું બોલવું નહિ.

૩ કોઇની અદેખાઈ કરવી નહિ.

૪ કોઇની સાથે વૈર બાંધવું નહિ.

૫ કોઇની છાની વાત ઉઘાડી કરવી નહિ.

૬ બેજણ વાત કરતા હોય ત્યાં વગર તેડયા જવું નહિ.

૭ કોઇને નુકસાન થાય તેવો પ્રપંચ રચવો નહિ.

૮ જે વાત ખરી જણાય તેને તરતજ કબુલ કરવી; ખોટી હઠ કરવી નહિ.

૯ સ્વદેશ સેવા બજાવવી તેના જેવું બીજું કંઈ સત્ કાર્ય નથી.

૧૦ શરણાગતનું રક્ષણ કરવું.

૧૧ કોઇનો પણ વિશ્વાસઘાત કરવો નહિ.

૧૨ પોતાના સુખનો ઝાઝો વધારો કરવો નહિ.

૧૩ હું મોટો છું એવું અભિમાન રાખવું નહિ.

૧૪ આપણા ગુણનાં આપણે વખાણ કરવાં નહિ.

૧૫ બોલવામાં કે વાત કરવામાં સમખાવાની ટેવ રાખવી નહિ.

૧૬ અન્યાયે મેળવેલું ધન ઝાઝો વખત ટકતું નથી.

૧૭ હલકી વાત પોતાના લાભની હોય, તોપણ સાંભળવી નહિ.

૧૮ કોઈપણ વાત વગર પૂછે કહેવાની ટેવ રાખવી નહિ.

૧૯ પૈસાના લોભ કરતાં સંતોષ અને સત્યપર વધારે પ્રીતિ રાખવી.

૨૦ કોઈપણ કામમાં ક્રોધ ચઢે ત્યારે ખામોશી ખાવી.

૨૧ પોતાના શત્રુ ઉપર પણ ઉપકાર કરી છૂટે છે, તે મોટો માણસ કહેવાય છે.

૨૨ દેશદ્રોહિ થનાર મહાપાપી ગણાય છે.

૨૩ નિસ્પૃહી પુરૂષોની શીખામણ કે ભાષણ જરા કડવું લાગે છે, પણ તે હિતકર હોયછે.

૨૪ સારી શીખામણ કે સારી વાત ગમે ત્યાંથી પણ લેવી.

૨૫ બાળ લગ્નથી બળ અને બુદ્ધિનો નાશ થાયછે, અને બ્રહ્મચર્યથી વિર્ય અને વિદ્યા વધેછે.

૨૬ ધન અને સત્તાથી અંધ થએલા અજ્ઞાની આગળ યાચના નકામી છે.

૨૭ આપણે બીજાને વાત કહેતા હોઇએ, અને તે ધ્યાન દઇને સાંભળે નહિ, તેને જોરાવરીથી સાંભળવાની તસ્દી આપવી નહિ.

૨૮ નીમક હલાલી ભયની કે મુશ્કેલીની દરકાર રાખતી નથી.

૨૯ અહિંસા, સત્ય, ચોરીનો ત્યાગ, પવિત્રતા, ઇંદ્રિયનિગ્રહ, પરોપકાર, દયા, મનપર સંયમ તથા ક્ષમા એ નવધર્મનાં લક્ષણછે.

૩૦ જે કુટુંબ સાથે બેસી ખાય છે, તે ઉન્નતિને પામે છે.

सोबत अने मित्रता.

૧ જેવી સોબત તેવી અસર.

૨ પૈસે ટકે નિર્ધન હોય પણ કેળવણીમાં નિર્ધન ન હોય તેવાની સોબત કરવી.

૩ સત્સંગનો પ્રભાવ સજ્જનોએ મોટો ગાયો છે.

૪ બુદ્ધિવાનોની સેવાથી પ્રારબ્ધ પણ ફરેછે!

૫ નીચ માણસની દોસ્તી રેતીની દિવાલ જેવી છે.

૬ શત્રુની મંડળીમાં વગર વિચારે દાખલ થનાર દુઃખને પામેછે.

૭ દુર્જનની પડોશમાં રહેવાથી સજ્જન પણ દુઃખને પામેછે.

૮ દુર્જન કદાપી વિદ્યા શીખેલો હોય, તોપણ તે મિત્રતાને યોગ્ય નથી.

૯ બીજા કરતાં પોતાના વર્ગ સાથે મિત્રાચારી વધારે ફળદાઈ નિવડે છે.

૧૦ પોતાથી ઉંચા વિચારવાળા, વધારે બુદ્ધિવાળા તથા ઉંચા આચારવાળા મનુષ્યનો સંગ કરવો.

૧૧ ખોટી ખુશામત કરનાર દંભી અને તાત્કાલીક હેત બતાવનાર મિત્ર ઉપર એકદમ વિશ્વાસ રાખવો નહિ.

૧૨ જેમાં વિવેક અને વિદ્યા એ બેઉનો અભાવ છે, એવો સખ્સ મનુષ્યના ગુણની બહાર છે.

૧૩ સારા માણસોનો સ્વભાવ પણ દુષ્ટની સોબતથી બગડે છે.

૧૪ કોઈ મનુષ્યને તેના દોષો કહીને સુધારવા કરતાં તેના ગુણોની પ્રશંસા કરી ઉત્તેજિત કરવાથી તે સુધરી શકેછે.

૧૫ બાળ અવસ્થામાં સારો કે નરતો જે ગુણ આપણામાં દાખલ થાયછે, તે મરતાં સુધી જતો નથી. માટે નાનપણમાં નઠારી ટેવો ન પડે તેને વાસ્તે ધ્યાન રાખવું.

૧૬ મૂર્ખની સંગતે જ્ઞાન, ચિંતાથી ધ્યાન, જુગારથી દ્રવ્ય, ઔષધથી દુઃખ, અને ઉદ્યોગથી દારિદ્રય જાયછે.

खंत दृढता अने उद्योग.

૧ પુરુષાતન વિના કોઈ કાર્ય બનતું નથી.

૨ ઇચ્છાની સાથે યત્ન અને ઉદ્દેશ હોય, તોજ પ્રયત્ન સફળ થાયછે.

૩ આપણું કામ કેવી રીતે શ્રેષ્ઠ થાય એવું અભિમાન રાખવું જોઇએ.

૪ એક કામ પૂરૂં થયા વગર બીજામાં હાથ ઘાલવો નહિ.

૫ ધંધા વગરનાજ આળસુ, કેવળ પ્રારબ્ધનેજ માનનારા પરાક્રમ રહિત પુરૂષોને લક્ષ્મી ભેટતી નથી.

૬ ઉત્તમ પુરૂષો હંમેશાં ઉદ્યોગમાંજ પ્રવૃત રહેછે, અને પ્રારબ્ધને પાછળ મૂકેછે.

૭ ઉદ્યમ, શૌર્ય, ધૈર્ય, શક્તિ તથા પરાક્રમ એ પાંચ જ્યાં હોય ત્યાંજ દૈવ સહાયકારી થાયછે.

૮ આફત એ જબરદસ્ત ઉસ્તાદ છે, માટે તેથી ડરી ન જતાં ઉદ્યોગમાં આગળ ચાલવું.

૯ જેમ જેમ આપણે ઠોકરો ખાતા જઇએ છીએ, તેમ તેમાં આપણને વધારે અનુભવ મળતો જાયછે, તેમજ તે અડચણો આપણો ઉત્તમ ગુરૂ થઈ પડેછે.

૧૦ દૃઢ મનના સંકલ્પ આગળ વિઘ્નો આપોઆપ વિખરાઈ જાયછે.

૧૧ કોઈ કામમાં પાર પડવાથી આપણામાં જેટલું ડહાપણ આવેછે, તેનાં કરતાં તેમાં નિષ્ફળ જવાથી પણ વધારે ડાહ્યા થવાયછે, માટે એક વખતના વિઘ્નથી હઠી જવું નહિ, પણ તેને ફરી ફરીને કરવું.

"विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः
प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति."

ઉત્તમ પુરુષો ગમે તેવાં વિઘ્ન પડવાથી પણ આરંભેલા કાર્યને છોડતા નથી, પણ ગમે તે રીતે પોતાનું કામ પુરું કરેછે.

संयम.

૧ દુઃખથી જે ગભરાતો નથી, તેને ધૈર્યવાન જાણવો.

૨ લોકની નિંદાને તાબે થઈ સત્કાર્ય પડતું ન મૂકવું જોઇએ.

૩ જેને પોતાનું વર્ત્તન ઉંચા પ્રકારનું બનાવવું હોય, તેણે પોતાના મનોભાવને વશ રાખતાં શીખવું જોઇએ, અને સત્ય, ધૈર્ય, તથા માણસાઈ પ્રાપ્ત કરવાં જોઇએ.

विचारीने काम करवा विषे.

૧ શબ્દ અને પત્થર ફેંકયા પછી પાછાં આવતાં નથી માટે બોલતા પહેલાં વિચાર કરવો.

૨ જ્યારથી તમે કોઈ પણ કારણસર કોઈની નિંદા કરવાની, દોષ જોવાની, દ્વેષ કરવાની અને તેના ઉપર ક્રોધ કરવાની કુટેવ છોડી દોછો, ત્યારથી તમે તમારા પ્રતિ આવતા નવિન દુઃખનો અને તમારામાં રહેલા દુઃખના બીજનો નાશ કરોછો એમ સમજશો.

अभ्यासके टेव.

૧ ટેવ સર્વ વાતને સુલભ કરે છે.

૨ અનુભવથી ડહાપણ અને કસરતથી બળ વધે છે.

૩ દરેક કામ માથે પડે ત્યારેજ આવડે છે.

૪ જે માણસ ડુંગર ઉપર દોડી દોડીને ચઢતો જાય છે, તેને સરખી જમીન ઉપર દોડવું બહુ સહેલું પડે છે.



विद्याविषे.

૧ પ્રાતઃકાળે વિદ્યા અભ્યાસ કરવાની ટેવ રાખવી.

૨ દમડા કરતાં ડહાપણ ઉમદા ચીજ છે.

૩ વિદ્યા વિનાનો માણસ પશુ જેવો ગણાય છે.

૪ વિદ્યા વિદેશમાં મિત્ર અને બંધુ સમાન છે.

૫ બીજા ધનને ચોર ચોરી જાયછે, પણ વિદ્યાધન ચોરાતું નથી.

૬ બીજું ધન ખરચ કરવાથી ઘટેછે, પણ વિદ્યાધન ખરચ્યાથી વધે છે.

૭ "વિદ્યા" એ અચળ દીવો છે, તે બાળા અને બાળકોના હૃદયમાં પ્રકાશ કરેછે, અને જીંદગી સુધારે છે.

उदारता अने लोभ.

૧ ઉદાર અને ન્યાયી માણસ હંમેશાં માન પામે છે.

૨ કંજુસની કીર્તિ વિસ્તાર પામતી નથી.

૩ સજ્જનોની સંપત્તિ સાર્વજનિક કહેવાય છે.

૪ પોતાના સુખનો પોતે એકલોજ ઉપયોગ કરે, એવી સ્વાર્થ વૃત્તિવાળા માણસનું જીવન પણ ફોકટ છે.

૫ ઉદાર માણસ તરફ સર્વની પ્રીતિ હોયછે, અને લોક તેનું કામ સહેજમાં કરેછે.

૬ લોભી માણસ લોભથી પોતાનું ચાલતું સુખ પણ વખતે ખોય છે.

૭ ગરીબ છોકરાઓને ભણવાનાં સાધનો, જેવાં કે ચોપડી સ્લેટ, પેન, ફી વગેરેમાં બનતી મદદ જરૂર કરવી જોઇએ, કારણ કે સઘળાં દાન કરતાં વિદ્યાદાન મોટું ગણાય છે.

૮ સ્વદેશ સેવા, કુટુંબ ભક્તિ અને સ્થિતિ પ્રમાણે ઉદારતા, એ મનુષ્યત્વમાં મોટા ગુણ ગણાયા છે.

व्यवहारिक वचनो.

૧ જે ધંધો કરવો તેની કાયદા કાનુન જરૂર જાણવી.
૨ આજે આપણે નવું શું, શીખ્યા, તેની નોંધ રાખવી જોઇએ.
૩ ઉપજ કરતાં ખરચ વધારે રાખવો નહિ.
૪ લાખ ગુમાવીને પણ "સાખ" રાખવી.
૫ કરજ કરીને ખોટો ખરચ કરવો નહિ.
૬ ભીખ માગવા જેવું બીજું હલકું કામ કોઈ નથી.
૭ રસ્તામાં જુગાર રમાતો હોય ત્યાં ઉભા રહેવું નહિ.
૮ ઘર મેળે કજીઓ પતે ત્યાં સુધી કોરટમાં જવું નહિ.
૯ મમતથી દ્રવ્ય ખરચવું નહિ.
૧૦ બીજાનો કજીઓ નકામો હોરવો નહિ.
૧૧ સ્થિતિ, દેશ, કાળને અનુસરતો પોશાક પહેરવો.
૧૨ પુસ્તક એ એક ઉમદા ચીજ છે, માટે તેની ગણના રાખવી,
૧૩ આગળ ઉપર પૈસા મળશે એવી આશાથી ખરચ કરવો નહિ.
૧૪ કોઈ જાતનું વ્યસન કરવું નહિ.
૧૫ જુવાની, પૈસા, આયુષ્ય, સત્તા વગેરેના ભરોસા ઉપર રહેવું નહિ.
૧૬ વ્યાપાર કે વ્યવહારમાં શરમ રાખવી નહિ.
૧૭ ઇશ્વરને ચાહતા નહિ, નહિતો તંગીમાં આવી પડશો.
૧૮ પોતાના વખાણથી ભોળવાવું નહિ, કારણ કે સ્વાર્થઅંગે સર્વે ખોટી પ્રશંસા કરેછે.

૧૯ ઘરનો હિસાબ દરરોજ લખવાની ટેવ રાખવી.

૨૦ ઘડપણે બુદ્ધિ બળ ઓછું થાય છે, માટે પહેલી વયમાં થયું તે કામ.

૨૧ આવકના પ્રમાણમાં ખરચ રાખવો.

૨૨ જુગાર રમી દ્રવ્ય મેળવવાની ઇચ્છા કરવી નહિ.

૨૩ પચ્ચીશ વર્ષની ઉમર સિવાય પરણવું નહિ.

૨૪ ડાહ્યા પુરૂષોનું અનુકરણ કરતા રહેવું.

૨૫ દુરાચારી મનુષ્યો કોઈ ઠેકાણે જય પામતા નથી.

૨૬ ભય, ક્રોધ, શોક, ચિંતા એના વિચારો તજવા, નહિતો સ્મરણ શક્તિ નાશ પામતી જશે.

૨૭ ખોવાએલી વસ્તુઓ મળી શકે છે, પણ જે વખત નકામો જાય છે, તે પાછો આવતો નથી.

૨૮ કોઈના ઉપર અદેખાઈ કરવી નહિ, અદેખા માણસો બીજાને દુઃખ કરવા માટે પોતે પણ કલેશ સહન કરે છે.

नियमसर काम करवा विषे.

૧ નિયમસર કામ કરવાની ટેવ રાખ્યાથી, કશું કામ ભારે લાગતું નથી, અને ઘણાં અટપટાં કામ પણ પાર મૂકાય છે.

૨ મોટી ઇમારત દરરોજ નિયમસર બાંધવાથી પૂરી થાય છે; ગમે તેવો ગ્રંથ દરરોજ લખવાથી પૂરો થાય છે; ગમે તેવો વિકટ રસ્તો પણ દરરોજ ચાલવાથી કપાય છે; તેમજ ગમે તેવો કઠણ અભ્યાસ પણ નિયમસર કર્યાથી શીખી શકાય છે.



स्वाश्रय.

૧ બનતા સુધી પોતાનું કામ પોતેજ કરવાની ટેવ રાખવી.

૨ આપણું કામ આપણાથી જેટલું થાય, તેનો દશમો ભાગ પણ બીજાથી થતું નથી.

सत्यविषे.

૧ સત્ય છે તે સર્વ દુઃખોને હઠાવે છે.

૨ જગતના વ્યવહારમાં સત્ય એ મોટો સાથી ગણાય છે.

૩ સત્ય વિના કોઇ પણ માણસ વિશ્વાસને પાત્ર થતો નથી.

૪ વિશ્વાસઘાત સમાન બીજું કોઈ મોટું પાપ નથી.

૫ આપણા બોલવાપર શક જાય એવું વર્તન રાખવું નહિ.

परोपकार.

૧ કોઇના ઉપર પણ ઉપકાર કરી છૂટવો એ ગુણી માણસનું કામ છે.

૨ પરોપકાર કરવામાં જાત, ધર્મ, કુટુંબ, કે નાનું મોટું જોવું નહિ.

૩ પૈસો ભેગો કરવામાં કંઈ ફળ નથી પણ તેને પોતાના અને પારકાના લાભ માટે વાપરવામાંજ સાર્થક છે.

૪ જે જીંદગીમાં પરોપકાર વસેછે, તેજ જીવન સફળ છે.

૫ તમારી દુર્બળ સ્થિતિમાં અર્થાત તમે જાતે સંકટ વેઠીને પણ અન્યને ઉદાર હાથે દાન કરોછો અને અન્યનાં દુ:ખો નિવારવા તમારાથી બનતો પ્રયાસ કરોછો, તે તમારાજ મનને ઉંચ સ્થિતિ આપનાર છે.

प्रमाणिकपणुं.

૧ હિસાબ ચોકખો રાખવો.

૨ લાંચ રૂશવત ખાવી નહિ.

૩ ચાડી ચોરી કરવી નહિ.


૪ માપ, ભરત કે કાટલાં ઓછાં રાખવાં નહિ.

૫ પ્રમાણિકપણું એ ઉમદા સદ્‌ગુણ છે.

૬ સદ્‌ગુણી ગરીબાઈ પણ સ્વર્ગની કુંચી ગણાય છે.

૭ જે માણસ પ્રમાણિક છે તે સર્વ લોકમાં માન પામેછે.

૮ જગતના વ્યવહારમાં ઉંચે આવવાને પ્રમાણિકપણું અને સત્ય એ પહેલું પગથીઉં છે, જે એ પગથી ચઢયો નથી, તે કદાચજ ઉંચ સ્થિતિને પામ્યો હશે!



वांचवुं केवी रीते जोईए.

"विद्यार्थीओए तेमज मोटां माणसोए एवी रीते वांचवुं जोइए के ते वांचे छे एम जणाय, तेना करतां पोतेज वात करी कोइने समजावतो होय, एम वधारे जणाय. निर्बळ अने बेठे सादे वांचवा करतां ऊंचा अने मरदानी सादे वांचवुं वधारे सारूं छे. एकज अवाजे वांची जवा करतां सीतारना उंचा नीचा सुर प्रमाणे एटले ज्यां जेटलो भार देवो जोइए, त्यां तेटलो ओछो वतो भार दीधाथी वांचन दीपी नीकळे छे. वांचेलुं कृत्रिम देखाय ते करतां तो नज वांचवुं वधारे सारूं. गायनना गीतोमां अमुक विरामो आगळ जेटलो वखत लेवो जोइए, तेटलो न लेवाथी गायनो जेम बेसुरां थाय छे, तेम वांचनमां पण योग्य स्थळे न अटकवाथी बेसुर लागे छे. जे रसनुं वांचतां होइए ते रसमांज डुबीने वांचवुं एज वांचन. बीजानुं नाम तो वेठ. ह्रस्व-दीर्घ के प्लुत-स्वरो अक्षरो के शब्दोने तेवा रूपे न वांचतां अर्थना अनर्थ नीपजे छे, विवाहनुं वर्षी थाय छे, ने भाषानुं मरण थाय छे. अयोग्य पुरुषना हाथमां जतां वाणी पण कंपे छे! नानां बाळको जेम सारा वांचनथी परीक्षामां परीक्षकने आंजी शके छे, तेम सारा वांचनथी वांचनारा सांभळनारने काबुमां लेई शके छे. लखनार पोतानुं हृदय चीतरे छे; वांचनार ते हृदय भजवे छे; ने श्रवण करनार ते हृदय अनुभवे छे. माटे हृदय-शुन्य माणुसे वांचीने काळक्षेप करवो ते करतां तो कोई सहृदय पासे बेसीने तेनी वाणीनुं मनन करवुं, एज सर्वेथी सारो मार्ग छे."

પ્રાતઃકાલઃ—"પહેલ વહેલા પથારીમાંથી ઉઠતી વેળાએજ જગત્ નિયંતાનાં કામો સામી દૃષ્ટિ કરવી જોઇએ. પછી પોતે વિચાર કરવો કે આજના દિવસનો કાળ કેવી રીતે નિર્ગમવો, અગર આજ કયાં કયાં કામો કરવાનાં છે તેની અનુક્રમે નોંધ કરી, વખતની પણ યોજના કરી લેવી, પછી તેને એક પછી એક અમલમાં મુકવાં."

આરોગ્ય:—"મનુષ્ય જાત મોટાં સુખ મેળવવાની અપેક્ષા રાખે છે, તેમાં "આરોગ્ય" એ મુખ્ય સુખ છે. શરીરની રોગિષ્ટ અવસ્થા અને નબળાઈ એ બેવાનાં જેટલાં આપણા મનુષ્યના પ્રયત્નને વિઘ્નકર્ત્તા થઈ પડે છે, એટલું બીજું કોઈ થઈ પડતું નથી. તેમજ આપણા બુદ્ધિબળનો આધાર તેના ઉપર છે એટલુંજ નહિ, પણ વળી કેટલાક નીતિના ગુણ જેવા કે હિમ્મત શાંતિ તથા સ્વભાવની સરલતા અને માધુર્ય તે પણ શરીરની "આરોગ્ય" જે મનુષ્યને પરમેશ્વરે બક્ષેલી શ્રેષ્ઠ ચિજો માંહેની એક છે, તે ઉપર આધાર રહેલો છે. સંસારમાં તમારે સંપાદન કરવાની એવી કોઈ જાતિની વસ્તુ નથી કે જે સંપૂર્ણ "આરોગ્ય" ની બરાબર હોય. આરોગ્યની આગળ સોનાની ઈંટો કે લાખો રૂપિયા કંઈજ વિસાત્માં નથી!"

અંગ કસરતની જરૂરઃ—"ઇતિહાસમાં લખેલુ છે કે અકબર પાદશાહ મિતાહારી તથા અંગ કસરત કરવામાં અને ઘોડે બેસવામાં કુશળ હતો. એ ઉપરથી આપણે સમજવું જોઇએ કે માણસે "**માત્રાસર**" ભોજન કરનાર તથા અંગબળ કેળવનાર થવું જોઇએ; કારણ કે માત્રા અને કસરત એ જઠરાગ્નિને ઉદ્દીપન કરવાવાળાં છે. ડાહ્યા જનોએ માત્રાનું પ્રમાણ આ રીતે બાંધ્યું છે, કે સહેલથી અન્ન પચી જાય, એટલું ખાવું તેને માત્રા કહે છે. મહેનતુ વર્ગ ઘણા ખરો શરીરે ચંચલ, આરોગ્ય અને મજબુત હોય છે, તેમને અનાયાસે કસરત મળે છે, અને શરીર કેળવાય છે, પણ જેઓ ઘેર કે ખુરસીપર બેસીને નિર્વાહ કરવાવાળા છે, તેમને અંગ કસરતની ઘણી જરૂર છે."

શરીર અને વસ્ત્રો:—શરીર તથા શરીરે ધારણ કરવાનાં વસ્ત્રો અત્યંત સ્વચ્છ રાખવાં. આથી ધોબીના ઘરનાં ધોએલાં કડકડતાં કપડાંજ પહેરવાં એવું કહેવું નથી, પણ સ્વચ્છ રાખવાં એટલુંજ કહેવાનો ભાવાર્થ છે. પરસેવાવાળાં અથવા મલિન વસ્ત્રો ન પહેરવાં. શરીરના પ્રત્યેક છિદ્રમાંથી દરેક ક્ષણે પરસેવા દ્વારા મળ નીકળે છે, અને તેથી શરીરને સ્પર્શ કરનારૂં જે વસ્ત્ર હોય તે તો અત્યંત સ્વચ્છ રાખવું, અને વારંવાર બદલવું. શરીરને સ્નાન કરીને અત્યંત સ્વચ્છ રાખવું કેટલાક મનુષ્યો સાબુ ચોળીને ન્હાવાથી શરીર સ્વચ્છ થાય છે એમ માને છે, પણ માત્ર સાબુ ચોળ્યાથી શરીરમાં સ્વચ્છતા આવતી નથી. ટુવાલ–ખાદી વગેરેના જરા કરકરા કકડાવડે–શરીરને સ્નાન કરતી વખતે સારી રીતે ઘસવાથી સ્વચ્છતા આવેછે. શરીરના પ્રત્યેક ભાગને નિત્ય સ્વચ્છ તથા શુદ્ધ રાખવા. ઘણા મનુષ્યો માત્ર મુખ અને હાથનાં કાંડાનેજ અધિક સ્વચ્છ રાખે છે, તેમ ન કરવું, પણ આખા શરીરને સ્વચ્છ રાખવું. સ્નાન કરીને શરીરની ચામડીને પોતાના અથવા બીજાના હાથવડે ઘસાવવી. તેથી શરીરમાં જોઇએ તેટલી ઉષ્ણતા આવે છે. પોતાના હાથવડે શરીરને ઘસવાથી અધિક લાભ થાય છે.

વખત:—"કેટલાક માણસો દ્રવ્યના મુલ્યનો વિચાર કર્યા વગર ખૂટતાં સુધી ખરચ્યાં કરે છે, તેમજ ઘણાં માણસો પોતાનો વખત પણ નકામો ગુમાવે છે. જ્યારે તેની જુવાની જાય છે અને ઉત્તરાવસ્થા થાય છે, ત્યારે પોતાના દુર્ગુણનું તેને ભાન થાય છે, અને વખત ગયો તેનો પસ્તાવો થાય છે. એ વચલી જીંદગીમાં કેટલીક કુટેવો પણ પડી જાય છે, જેના બંધનથી છૂટવું પણ બહુ મુશકેલ પડે છે. ખરચેલું દ્રવ્ય ઉદ્યોગથી પાછું મળે, વિસરેલું જ્ઞાન અભ્યાસથી પાછું પ્રાપ્ત થાય, શરીરની ખોઈ દીધેલી આરોગ્યતા, મિતાહાર અને ઔષધથી પાછી આવે, પણ ગયેલો વખત પાછો આવતો નથી."

दोहरा.

"એક વખત વેળા વટી, ફરી ન આવે તેહ;
માટે કાળ ન ગાળવો, સમજી મનમાં લેહ. ૧
યોગ્ય ઉદ્યમે સમયને, કહાડે, જે, કો, રંક;
કો કાળે રાજા બને, જાણુ ભાઈ નિઃશંક." ૨

કવિ નર્મદ.

स्वाश्रयः—"મનુષ્યની ઉન્નતિ તેના પોતાનાજ પુરૂષાર્થથી થાય છે. જ્યાં સુધી તે બીજા ઉપર આધાર રાખે છે, ત્યાં સુધી તેનું ઉન્નતિનું ગાડું રગશીયા ગાડાની પેઠે ધીમે ધીમે ચાલે છે, પણ જ્યારે તે ઉત્સાહથી સ્વ પ્રયત્ન આદરે છે ત્યારે તે વિજળીથી પણ અધિક વેગને ધારણ કરે છે."

खंतः—"તમને કોઈ કામ આરંભમાં ન આવડતું હોય, પણ જો તમે તેને કરવા માંડો, અને ગમે તેવી કઠિનતા જણાય તો પણ તેથી ન ડગતાં ફરી ફરીને તે કર્યાંજ કરો, તો અંતે તે કામ તમને આવડયા વિના રહેશેજ નહિ."

निरुत्साही करनार घणा मळे छेः—"કોઈ મનુષ્ય કાયદાનો અભ્યાસ કરતો હોય છે, તો તેને કહેશે કે ભાઈ, હવે એ અભ્યાસમાં કાંઈ પણ માલ નથી! વકીલો અને એલ. એલ. બી. ઓ બિચારા કોટ પાટલુન ચઢાવી અને ગાંડનું ગોપીચંદન ખોઇને, આ કચેરીમાંથી પેલી કચેરીમાં રોડાંની પેઠે અટવાય છે! તેમને એક પાઈની પણ પેદાશ નથી! કોઈ વૈદ્ય, વિદ્યાનો અભ્યાસ કરતો હોય છે, તો તેને કહે છે, કે ભાઈ! અમથો મગજનો શું કરવા ખીમો કરો છો? ચકલે ચકલે અને પોળે પોળે આજે દાકતરો અને વૈદ્યો થઈ ગયા છે! પોળ બહાર નીકળી હજામ શોધવો હોય તો જડતો નથી, પણ દાકતર કે વૈદ્ય સેંકડો અથડાતા હાથ આવે છે! આજે કમાણી કયાં છે? દુકાન કાઢી પાટીયું મારી ખુરસી ઉપર બેઠા બેઠા માખીઓ મારવાની છે! બી. એ. નો અભ્યાસ કોઈ કરતો હોય છે તો તેને કહે છે, ભાઇ! હવે બી. એ.

થાઓ કે એમ. એ. થાઓ પણ મં મં મળવાના વાંધાજ જાણજો હો! નોકરી છે ક્યાં? આ પોસ્ટ ખાતામાં ને પોલિસ ખાતામાં બિચારા ગ્રેજ્યુએટો પંદર પંદર ને વીસ વીસ રૂપીએ બાપજી કરીને રહેવા તૈયાર છે, પણ ઉમેદવારજ કોણ રાખે છે? કોઈ વળી કહે છે, કે હવે કશા ધંધામાં રમકસ રહ્યો નથી. દેશની એવી દુર્દશા આવી છે કે હવે શું કરવું તે કોઇને સૂઝે તેમ નથી! આવાં ને આવાં હજારો વચનો જ્યાં ત્યાં તમારા સાંભળવામાં આવશે. એવા વચનો સાંભળી ઉત્સાહનો ભંગ કરશો નહિ, કારણ કે "પ્રયત્ન અને ઉદ્યોગજ" સર્વ મનોરથને સફળ કરે છે."

निरुत्साही कोईने करता नहिः—"અમુક કામ તમે નહિ કરી શકો, એવું ટાંટીઆ ભાગી નાખનારૂં વચન કોઇને કહેતા નહિ. "**आत्मबळ**" નો વિનાશ કરવો એ પણ મોટું પાપ છે. અર્થાત જ્યાં જ્યાં તમો જાઓ ત્યાં ત્યાં આત્મબળ વધે અને પુષ્ટ થાય એવોજ પ્રયત્ન કરજો. આ તો તમારા પ્રારબ્ધમાં નથી, ને અત્યારે તમને બારમો ચંદ્રમા છે માટે નજ કરવું, એવી શીખામણ કોઇને આપશો નહિ, કારણ કે ઉદ્યોગ થોડે ઘણે અંશે સર્વ કામ કરી શકે છે."

सतत उद्योगः—"ઉદ્યોગથી સર્વ કાર્યો સિદ્ધ થાય છે, અને ગમે તેવું અટપટું કામ પણ સહેલું થાય છે. વળી જે અપૂર્વ બુદ્ધિ કહેવાય છે, તે પણ બહુધા ઉદ્યોગનુંજ ફળ છે. "ઉદ્યોગ કરનારને લક્ષ્મી વરે છે," "દૈવ! દૈવ!" **એમ તો સાહસ વિનાના લોકજ કહે છે!"**

आपणी उन्नत्तिः—"જે પ્રજા સ્વ પૂર્વજોનાં કાર્યોનું સ્મરણ કરતી નથી, તે પણ એવું કાર્ય નહિ કરશે કે જે માટે ભવિષ્યની પ્રજા તેમનું પણ સ્મરણ રાખે!" જ્યાં સુધી આપણે આપણા પૂર્વજોની સ્થિતિનું યથાર્થ અવલોકન કરી ન શકીએ, ત્યાં સુધી આપણે આપણી ઉન્નતિના ખરા માર્ગપર ચઢયા છીએ, એમ કદી પણ મનાશે નહિ.

तमे क्यारे मोटा कहेवाशोः—"જ્યારે પૂર્વના અને વર્તમાન કાળના અનેક મહાપુરુષોનાં જીવનનો યથાર્થ અભ્યાસ કરી,

તેમનાં જે જે સલક્ષણો હોય તેને તમારા હૃદયમાં યથાર્થ રીતે ધારણ કરશો ત્યારે.”

દૃઢતાઃ—“તમે ગમે તે ઉદ્યોગ કરતા હો, ભલે તમો વ્યાપારી હો કારીગર હો, લેખક હો, નોકર હો કે મજુર હો, તો પણ જે સ્થિતિમાં તમે છો, તેથી ચઢીયાતી સ્થિતિમાં જવા જો, તમે દૃઢ નિશ્ચય કરશો, તો સો એ નવાણું ટકા તમારા વિચારમાં ફળીભુત થશો.

નિશ્ચયમાં વિલક્ષણ બળ રહેલું છે, અને તેથી તમારો જેવો નિશ્ચય હોય છે, તે પ્રમાણે કાંતો તમારી ચઢતી થાય છે, અથવા કાંતો તમારી પડતી થાય છે. જેના અંતઃકરણમાં ઉચ્ચ થવાનો દૃઢ નિશ્ચય નિરંતર રમ્યા કરે છે, તે વહેલો મોડો ઉચ્ચ થયા વિના રહેતોજ નથી. તેના નિશ્ચયથી પ્રકટ થતું બળ તેને ચઢતીના માર્ગમાં આગળ ને આગળ ધકલે છે.”

અભિમાનઃ—કોઈ કોઈ વખત લોકો પોતે શ્રીમંત હોવાને લીધે પોતાથીજ બધું ચાલે છે, એમ માની એટલા તો ફૂલી જાય છે કે તેઓ તેમના પોતાના અવગુણને સદ્‌ગુણ તરીકે અને તેમની મૂર્ખાઇને ડહાપણ તરીકે માને છે. તેઓ પોતે કાયદાનો તેમજ પરમેશ્વરના અને મનુષ્યના નિયમનો તુચ્છકાર કરેછે. આવા મનુષ્યો પણ તિરસ્કારને પાત્ર છે.

સોગન ખાવાની ટેવઃ—“ કેટલાક બાળકોને સહજ વાતચિત કરતાં “ સોગન ” ખાતાં જોઇએ છીએ. માતા, પિતા, ભાઈ, ભાંડુ વગેરેને આગળ મૂકી વાતની સાબીતી કરે છે કે “ મારા બાપના સમ મેં તેને કાલે જોયો હતો.” આથી વાત કરનાર બાળક એમ સમજે છે કે, મારો હેતુ સામાના મનમાં બરાબર મૂકી શકીશ, પણ તેમાં તે ભૂલ ખાય છે. “ સોગન ” ખાનારની સારા માણસોમાં ગણના બહુ ઓછી થાય છે, અને પોતાની કિમ્મત પોતેજ કરી આપે છે, ને બીજા તેને બહુ હલકી કેલવણી લીધેલો માને છે.”

ऊंच अभिलाषाः—"જેઓ ઉચ્ચ અભિલાષા ધરે છે, અને સાહસ ખેડે છે, તેઓજ વિજય પ્રાપ્ત કરે છે. ઉચ્ચ અભિલાષા ન ધરનાર અને સાહસથી સસલાની પેઠે ડરી જનાર, જ્યાં હોય છે ત્યાં, ખાબોચીયાના જળની પેઠે ગંધાયા કરે છે."

इतिहासः—"ઇતિહાસ એટલે શું? લક્ષણવંતાં માણસો જેવાં કે મહાન નાયકો, રાજાઓ, આચાર્યો, તત્વવેત્તાઓ, રાજ્યદ્વારી પુરૂષો, અને દેશાભિમાની નરો, કે જે માણસ જાતના ખરા ખાનદાન અને સાચા અમીરો છે, તેનાથી મનુષ્ય સમુદાયના અખંડ પ્રવાહ ઉપર જે અસર થાયછે, તેનું નામ ઇતિહાસ."

प्रत्यक्ष अनुभवः—"સાચું જ્ઞાન અથવા અનુભવ શીખવાથી અર્થાત્ પુસ્તકો વાંચવાથી પ્રાપ્ત થતો નથી પણ કામ કરવાથી થાય છે. એક કલાકના પ્રયત્નથી ક્રિયા કરનાર જે જ્ઞાન મેળવે છે, તે આખું વર્ષ પોથાં ગોખ ગોખ કરનાર મેળવી શકતો નથી. ભણેલું ક્રિયામાં ઉતાર્યાવિના, મહાસાગરના જળ જેવું અમર્યાદ હોય તોપણ નકામું છે."

श्रद्धा.

श्रद्धाः—"વ્યાવહારિક વિદ્યાનો શુદ્ધ બોધ પણ વિદ્યાર્થી શિક્ષકમાં જ્યારે માનવાળી ઉચ્ચ બુદ્ધિ ધરેછે, ત્યારેજ થાય છે. વિદ્યાલયોમાં જઇને આપણે અવલોકન કરીશું તો જણાશે કે, જે વિદ્યાર્થી ગુરૂ તરફ ઉચ્ચ બુદ્ધિથી જોતો નથી, તેના મન સાથે શિક્ષકના મનનો સંબંધ થએલો જણાતો નથી, અને તેથી શિક્ષકમાં જે કંઈ વિદ્યા હોય છે, તે વિદ્યાર્થીમાં જોઇએ તેવી ઉતરી આવતીજ નથી. એથી ઉલટું જે વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકમાં અપૂર્વ માનબુદ્ધિને ધરનારા હોય છે, તેમના પ્રતિ તે શિક્ષકનું મન પણ આકર્ષાયલું હોય છે. અને તેથી શિક્ષણ સમયે, શીખાં-

વાતો વિષય જો કે સર્વના શ્રવણમાં આવે છે, તોપણ માનબુદ્ધિને ધરનારા શિષ્યના અંતઃકરણમાં તેનો પ્રકાશ સર્વથી અધિક થાય છે, એટલુંજ નહિ પણ ક્રમે ક્રમે તે વિદ્યાર્થીનું અંતઃકરણ શિક્ષકના જેવુંજ થતું જાય છે." ગુ૦ શાળાપત્ર.

મનનું માન્યું સુખ અને દુઃખઃ—"આ દુનિયાને સ્વર્ગ સમી રચવી અથવા નર્ક જેવી કરવી, એ આપણા પોતાનાજ હાથમાં છે. મનનું માન્યું સુખ અને મનનું માન્યું દુઃખ મનને સમજાવ્યું હોય, તો આપણી ઝુંપડી આપણને રાજમહેલ જેવી લાગે, અને મન જો લોભ અને તૃષ્ણામાં ડુબેલું હોય, તો રાજમહેલમાં રહેતા છતાં, તે તેને કાંટાનું બીછાનું થઈ પડશે. મહેલ છતાં તેને નિર્ભય નિદ્રા નહિ આવે અને તેને ચેન પડનાર નથી."

સ્વાભિમાનઃ—"પૂજ્ય વર્ગ તરફ હમેશા ઉંચી ભાવના રાખવી અને તેમને યોગ્ય સત્કાર કરવો એ મનુષ્યમાત્રનો ધર્મ છે; પરંતુ પોતાની ફરજ બરોબર બજાવવાને બદલે તેમનાં કામકાજ કે હરેક પ્રકારની ગુલામગીરીથી તેમને રીઝવવા એ વ્યાજબી નથી. પૂજ્ય પુરુષોને પોતાનો ધર્મ બરોબર બજાવીનેજ રાજી કરવા, અન્ય રીતિ કદાચ તેમને પ્રિય હોય તોપણ તે ગ્રહણ કરવી નહિ. ખરૂં જોઇએ તો એવા પુરુષો પૂજ્ય એ સંજ્ઞાને પાત્રજ નથી; પરંતુ તેમના પૂર્વજન્મના સંસ્કારથી કે ગમે તે અન્ય કારણથી તેઓ વયમાં, જ્ઞાનમાં, સાંસારિક સ્થિતિ કે પદવીમાં આપણાથી ઉચ્ચતર હોવાથી પૂજ્ય હોય, અને તેમને આપણી દીન વાણી અને દીન વર્ત્તન કે ખુશામત પ્રિય હોય, તોપણ સ્વાભિમાની પુરુષે તેવું વર્ત્તન નજ ગ્રહણ કરવું એમાંજ તેનું ભૂષણ છે. તેમજ આનો અર્થ એમ પણ ન સમજવો કે વિવેકની મર્યાદાનો અંશે પણ ત્યાગ કરવો ઇષ્ટ છે. વિવેકની મર્યાદા લવમાત્ર પણ ઉલ્લંઘન ન કરવી તેમજ અતિ દીન કે કૃપણ વર્ત્તન ન રાખવું એનુંજ નામ સ્વાભિમાન." ગુ૦ શાળાપત્ર.

કૃપણતાઃ—"કેટલાક તો એવા કરકસરીઆ હોય છે કે, એક પાઈ પણ પોતાના જીવ સાટે ગણી, લાખો રૂપીઆ મુકી જાય છે.

પછી તેની પાછળ તેના ખરા વારસ કે ગમે ત્યાંથી ઉતરી આવેલા વારસો તે પૈસા પાણીની માફક વાપરે છે, અગર તેણે ન ધારેલા અને જીંદગીમાં તેના કટ્ટા શત્રુઓજ તેના વારસ તરીકે ઠરે છે; અને તે લોભીનું દ્રવ્ય ઉડાવેછે માટે હદ બહારની કરકસર પણ સારી નથી. પોતાને હાથે જો તેનો સદ્‌રસ્તે વ્યય થાય, તો તે સાર્થક ગણાય છે."

"છત ઘરમાં ઝાઝી છતાં, નામ ધરે દાતાર;
કૃપણપણું પોતે કરે, એ પણ એક ગમાર."

श्रीमंतना धर्म:—"ધનવાને તો કૃપાવંત થવું જોઇએ, ઉદાર થવું જોઇએ, અને તેમની આસપાસ વીંટલાઈ રહેલાં દુઃખને ટાળવા તેમનાથી જેટલું બને તેટલું કરવું જોઇએ. યોગ્ય હોય તેમને આશ્રય આપવો, માંદાને સુખિયા કરવા અને નિર્ધનનું દુઃખ નિવારણ કરવું. આમ કરવાથી તેઓ બરાબર શ્રીમંત ગણાશે, અને નાણાનો ખરો ઉપયોગ થયો એમ મનાશે."

कायर कोण ? :—"રણભૂમિમાં જ્યાં શસ્ત્રો ઉછળે છે, ત્યાં જતાં અથવા અંધારામાં જતાં જેઓ પાછી પાની કરે છે, તેઓજ માત્ર કાયર, બીકણ કે બાયલા છે, એમ કંઈ નથી; પરંતુ પોતાને જે ખરૂં ભાસે છે, તે કરતાં, અથવા જે વિચારો પોતાને સાચા જણાય છે, તે બીજાના આગળ જણાવતાં જેઓ ડરે છે, તેઓ પણ બીકણ અને બાયલાજ છે. પોતાને જણાતું સાચું કરવાની અને કહેવાની જેનામાં હિમ્મત નથી, તેનાથી ઉન્નતિ હજાર હાથ છેટે રહે છે."

विपत्तिविना सुख नाहि:—"જે કામ હાથમાં લીધું તેને પાર મૂકવાના દૃઢ નિશ્ચયવાળા મનુષ્યે તો સંસારની શરૂઆત ઘણા નાના પાયાપર કરવી જોઇએ. સંસારની શરૂઆતમાં સંકટ બહુ ફળદાયી નીવડે છે, અને સારાં કામ કરવામાં તેનું મન સદૈવ જાગૃત રહેછે. જેને દુનિયામાં આગળ વધવું હોય અને સંસારમાં સારા ગણાવું હોય, તેને તો પ્રારંભમાં નિર્ધન અને નબળી

હાલત બહુ જરૂરની છે. એ અવસ્થાજ તેના સુભાગ્યનો પાયો અને અગત્યનું સાધન સમજાય છે.

તવંગરની સંતતી કરતાં સાધારણ સ્થિતિવાળાની સંતતી કળાકૌશલ્યતા વગેરેમાં વિશેષ ફત્તેહ મેળવનારી નિવડ્યાના સેંકડો દાખલા દૃષ્ટિગોચર થાય છે. પૈસાદારના છોકરાઓને ગુણ હુન્નર મેળવવાની અપેક્ષા થોડીજ હોય છે, અને ગરીબોના છોકરાઓ તો ગુણ હુન્નર વધારે શીખે, તોજ ઉત્તરોત્તર સારી સ્થિતિએ પહોંચવા ભાગ્યશાળી બને છે. તેથી ગુણ હુન્નર સંપાદન કરવા માટે તો સાધારણ સ્થિતિજ ઉત્તમ છે."

" વિપત્તિ બિન સુખ નહિ, જો થોડે દિન હોય;
ઇષ્ટ, મિત્ર, બંધુ સબે, જાણ પડે તબ કોઈ."

जीवन सफळः—" પિતાએ પેદા કરેલા દ્રવ્યની પ્રાપ્તિથી પુત્રની મહત્તા લેશ પણ નથી. સ્વપ્રયત્ને જેણે દ્રવ્ય સંપાદન કરી પોતાની શક્તિના પ્રકાશથી આ લોકને સ્વપરાક્રમ બતલાવ્યું, તેજ ધન્યવાદને પાત્ર છે. સ્વપ્રયત્ને અનેક વિદ્યા પ્રાપ્ત કરી ઉત્સાહથી જે ઉન્નતિના પદે ચઢ્યા તેનું જીવન સફળ છે!"

निवृत्तिमय जीवनः—" દુનિયા ખોટી છે, તેના વૈભવો પણ ક્ષણભંગુર છે, મૃત્યુ ડગલે ડગલે છે, એવા વિચાર ઉત્પન્ન કરી નિવૃત્તિમય જીવનના ઉપદેશથી હિંદુસ્થાનના લોક નિર્બળ અને નિરૂત્સાહી બન્યા છે."

सावध रहेवुंः—" સર્વદા સત્ય અને ન્યાયને માન આપવું અને તેવી વાર્તાથી વિરુદ્ધ વર્તવું નહિ. સત્યનું પ્રતિપાદન કરવાની તથા તદનુસાર વર્તવાની અંતઃકરણમાં ધૃતિ (હિંમત) રાખવી. સત્યથી ચળી જવાનો પ્રસંગ આવતાં, અથવા સાચી વાતને જૂઠી કહેતાં અને જૂઠી વાતને કોઈની શરમને લીધે સત્ય કહેતાં સાવધ રહેવું. અને અંતઃકરણ પાસે તેવા વખતે સત્ય હોય તે સત્ય, અને અસત્ય હોય તે અસત્ય, કહેવરાવવાનું સામર્થ્ય પ્રકટાવવું."

तजवा के वसवा योग्य स्थानः—" જે સ્થાનોમાં સહજ-સાજ નાના અપરાધોથી તપી જતા માણુસોનો વસવાટ છે; તે સ્થાન પણુ હલકી કોટી–વર્ગ–માં ગણાય છે. મહા પુરુષોના નિવાસ સ્થાનોમાં દાખલ થતાંજ મનુષ્યોનાં હૃદયમાં કોમળતા પ્રકટે છે, વિનય, વિવેક, વિચાર, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ, ગાંભીર્ય, શાંતિ, ધૈર્ય, શમ, દમ, વગેરેનાંજ દર્શન થાય છે. એથી ઉલટાં સ્થાનોમાં કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, ઇર્ષા વગેરે દૃષ્ટિએ પડેછે. તેવાં સ્થાનો સારા માણુસોને વસવા યોગ્ય નથી, કારણુ કે તે મનુષ્ય વર્ગને હલકી કોટીમાં લાવવાવાળાં છે."

पुस्तकोः—" પુસ્તકો આપણુને સરસમાં સરસ પુરુષોની મુલાકાત કરાવે છે. આ જગત્ ઉપર જે જે મહાત્માઓ થઈ ગયા છે, તેમની હજૂરમાં એ પુસ્તકોના પ્રતાપ વડે આપણે દાખલ થઈ શકીએ છીએ. તેમણે જે જે કહ્યું હોય અને કર્યું હોય, તે સર્વે આપણે સાંભાળીએ છીએ. જાણે તેઓ ખરેખાત જીવતા હોય, તેવી રીતે આપણે તેમને નજરો નજર જોઇએ છીએ. આપણે તેમના પ્રૌઢ વિચારોના ભાગીદાર થઇએ છીએ. આપણે તેમની સાથે સહૃદય થઇએ છીએ. અને તેમનો અનુભવ તે આપણે આપણો અનુભવ કરી લઇએ છીએ; અને એવી રીતે આપણે તેમના રૂપ બની તેમનો સાક્ષાત્કાર કરીએ છીએ."

मननो संकल्प अने माबापनो स्नेहः—" મનુષ્યનામાં રહેલો દૃઢ સંકલ્પ શરીરને એટલો બધો વશ રાખે છે કે, તેના પ્રભાવથી સૈનિકો, વિદ્યાર્થીઓ અને પ્રવૃત્તિવાન મનુષ્યો સ્વપનાવસ્થામાં ઉભા થાય છે અને પોતાના મનના સંકલ્પો અમલમાં મૂકે છે.

જ્યારે હુમાયુ માંદો પડયો અને જીવવાની આશા રહી નહિ ત્યારે બાબરે પોતાનો પુત્ર જીવે તેટલા માટે પોતે મરવા તૈયાર થયો, તેણે હુમાયુની પથારીની ચારે બાજુએ ત્રણ ફેરા ફરી જગત્નિયતા પ્રભુને એવી પ્રાર્થના કરી કે " મારા પુત્રનું દુઃખ

મને હો." પછી પોતે બોલ્યો કે "બેટા, મેં તારૂં દુઃખ લઈ લીધું છે!" આ સંકલ્પની અસર પિતાના શરીરમાં થઈ, અને હુમાયુને આરામ થતો દેખાયો. પછી બાબર થોડે વખતે મરણ પણ પામ્યો છે. આ વાત મુસલમાન લોકો તો નિશ્ચયવાળી માને છે, અને આપણે કદાચ તેને થોડા માનની દૃષ્ટિથી જોઈએ, તોપણ પિતાના સ્નેહની તો તે પરિસીમાજ હતી.!"

पुत्र धर्म.

"આર્યોનાં ધર્મશાસ્ત્રોમાં અને ઇતિહાસ પુરાણોમાં પુત્રોના ધર્મો અને તેનાં ચરિત્રો વિશે બહુ લખવામાં આવ્યું છે. તેમ વડિલોની સેવાને માટે પણ ભારતવર્ષ અનાદિકાળથીજ પંકાતો આવ્યો છે. માતાપિતા પોતાના પુત્રને જન્મ આપ્યા પછી તેનું પાલનપોષણ કરવામાં તથા મોટો થતાં તેને કેળવણી આપીને સુખનાં સર્વ સાધનો પુરાં કરી આપવામાં નિઃસ્વાર્થપણે જે જે કષ્ટો વેઠે છે, તેનો બદલો પુત્રોથી કે પુત્રીઓથી સેંકડો વર્ષોએ પણ વાળી શકાતો નથી. મનુ મહારાજે પુત્રોના ધર્મો કહેતી વખતે કહ્યું કેઃ—"પુત્રોનું કલ્યાણ માતાપિતાની સેવા કરવાથીજ થાય છે. માતાપિતા તરફ ભક્તિભાવ ધરાવનારા પુત્રોનાં બીજાં ધર્મકર્મો પણ ફલિભૂત થાય છે. પુત્રોએ માતાપિતા જીવતાં હોય, ત્યાંસૂધી તેમનીજ પૂજા કરીને તેમને પ્રસન્ન રાખવાં, કારણ કે માતાપિતાની સેવા કરવી એજ પુત્રનો મુખ્ય ધર્મ ગણાય છે, બીજા ધર્મો ઉપધર્મ છે. માતાપિતાની સેવા કરનારાઓમાં રામ, ભીષ્મ, પુરૂ, શ્રવણ, ધર્મવ્યાધ, લોપામુદ્રા, શર્મિષ્ઠા વગેરેનાં ચરિત્રો પ્રત્યેક આર્ય જાતિના સંતાનોને અનુકરણીય છે."

કવિત મનહર છંદ.

"જેણે માત તાત તણો પ્રેમ રસ પીધો નહીં;
પ્રભુ તણો પ્રેમ રસ પીધો તે શા કામનો!

પ્રસન્ન કર્યાં ન માત તાતને પૂજન કરી,
રહ્યો ન આ દેહ પછી કોડી તણા કામનો !
મેળવ્યો ન ભાવ માત તાત તણો ભલી ભાતે,
કામનો ન ભાવ મળયો જગત તમામનો !
માત તાત પ્રસન્ન કર્યાં ન તેણે મેળવ્યો ન,
જગતમાં જીવી લાભ લુટીરે બદામનો ! ૧
જેણે માત તાત તણી પ્રાર્થના ન પ્રિત્યે ગાઇ,
પ્રભુ કેરી પ્રાર્થના જે ગાઈ તે ન ગાઈ છે !
ચાહી નહિ માત તાત તણી પુજા ચિત્ત માંહી,
પ્રભુ તણી પુજા ચિત્ત ચાહી તે ન ચાહી છે !
જેણે માત તાત તણી આંતરડી ઠારી નહી,
અન્ય તણી આંતરડી ઠારી તે, ન, ઠારી છે !
ચાખીન પ્રસાદી માત તાત તણી મન કરી,
પ્રભુની પ્રસાદી ચાહી ચાખી તે ન ચાખી છે !" ૨

(श्रवण आख्यान.)

गुरुभक्ति.

કર્ણ મહાન્ ગુરૂભક્ત હતો. એક વખતે **પરશુરામ** તેના ખોળામાં માથું મુકીને સૂતા હતા, તે વેળાએ ભ્રમરાએ કર્ણની જાંઘ કોરવા માંડી, તેથી તેને સખત વેદના થવા લાગી; પરંતુ ગુરૂની નિદ્રામાં ભંગ થાય એ ઠીક નહિં આમ માનીને તે હાલ્યા ચાલ્યા વગરજ બેસી રહ્યો. કેટલી બધી ધૈર્યતા! **શ્રીકૃષ્ણે** વિદ્યા ભણી રહ્યા પછી ગુરૂને ગુરૂદક્ષિણા માગવાનું કહેતાં, ગુરૂએ પોતાનો પુત્ર જેને સમુદ્ર તાણી ગયો હતો તેને પાછો લાવી આપવાનું કહ્યું. ગુરૂની આજ્ઞા થતાંજ **શ્રીકૃષ્ણે** મહાન્ સાહસ વહોરીને પણ ગુરૂપુત્રને લાવી આપ્યો ને તેમને સંતુષ્ટ કર્યાં. એક સમયે **આપોદધૌમ્ય** નામના ગુરૂએ શિષ્ય **આરૂણીને** આજ્ઞા કરી કે, ખેતરના ક્યારડાઓમાંથી પાણી વહી ન જાય તેની તું

બરાબર સંભાળ રાખજે. ગુરૂની આજ્ઞા પ્રમાણે **આરૂણીએ** ક્યારામાંથી વહી જતાં પાણીને અટકાવવાનો પ્રયત્ન કર્યો પણ તે અટક્યું નહિ; એટલે તેણે પંડે ક્યારામાં આડા પડી વહેતાં પાણીને અટકાવ્યું. આવા ગુરૂભક્ત શિષ્યોને લીધે બીજા દેશો કરતાં આપણા દેશે પૂર્વકાળમાં મહાન્ પુરૂષો ઉત્પન્ન કર્યા હતા.

આવા ગુરૂભક્ત શિષ્યો પણ હમણા નથી, તેમ શિષ્યોના તરફ ધર્મપુત્રની દૃષ્ટિથી જોનારા ગુરૂઓ પણ થોડાજ છે!

भ्रातृ धर्म.

હાલમાં જેમ ભાઈભાઈ વચ્ચે ઘણે ભાગે દ્વેષભાવ જોવામાં આવે છે તેમ પૂર્વે ન હતું, **ભરતે** પોતાના વડીલ ભાઈ વનમાં જતાં, તેની ગેરહાજરીમાં રાજ્યને પચાવી પાડ્યું નહતું, પરંતુ **રામના** પ્રતિનિધી તરીકે રાજ્ય ચલાવીને પ્રજાને સંતોષ આપ્યો હતો. **રામ** વનમાંથી ઘેર આવ્યા ત્યારે તેને રાજ્ય પાછું સોંપ્યું હતું. **લક્ષ્મણ** પોતાના સર્વ સુખો તજી દઇને **રામ** તથા **સીતાની** સેવા કરવા માટે તેમની સાથે વનમાં ગયા હતા, અને તેમને માતાપિતા સમાન ગણી ઘણી સેવા કરી હતી.

હાલમાં પરસ્પર લઢી મરનારા ભાઇઓએ **ભરતનો** અને **લક્ષ્મણનો** દાખલો લઇને કુટુંબમાં સંપની વૃદ્ધિ કરવાની ખાસ જરૂર છે; કારણ કે પરસ્પરના સંપથી કુટુંબમાં બળની વૃદ્ધિ થાય છે તેથી જ્ઞાતિમાં તેમજ બીજા લોકોમાં માન અને પ્રતિષ્ઠા વધે છે અને તેને લીધે પોતાનું ધાર્યું કાર્ય કરી શકાય છે.



आत्मश्रद्धा (प्रबळ उद्योग.)

આત્મશ્રદ્ધાઃ—રઘુકુલદીપક રામના અનુકરણીય-નકલ કરવા યોગ્ય-ચરિતથી કોણ અજાણ્યું છે! બળવાન દેવોને પણ ગુલામગીરીએ નાખનાર રાવણનો પરાજય કરવા તેમણે નિશ્ચય કર્યો, તે સમયે તેમનીપાસે શાં સાધનો હતાં! સમુદ્રને ઓળંગવાને તેમની પાસે એક નાવડું સરખું પણ ક્યારે હતું! રાવણના મહાબળવાન્ સૈન્યની સામે ઉભો રહે એવો એક સૈનિક સરખો પણ તેમની પાસે ક્યારે હતો! અને એમ છતાં રાવણ ગમે તેવો બળવાન્ હોય તો પણ શું થયું, તેનો નાશ કરવાને હું સર્વ પ્રકારે સમર્થ છું, એ પ્રકારની અચળ આત્મશ્રદ્ધાએ રામને ક્યાં સાધનોની પ્રાપ્તિ નથી કરી આપી!! અને પરિણામે રાવણ સરખા સમર્થ શત્રુનો વિનાશ નથી કરાવ્યો?! કાર્યસિદ્ધિમાં સાધનોની પ્રથમ અગત્ય છે. સાધનો તો જેમ દેહની પાછળ છાયા હોયજ છે, તેમ આત્મશ્રદ્ધાની પાછળ હોયજ છે. આજ પ્રમાણે વનરાજ, કુમારપાળ, શિવાજી, નેપોલિયન બોનાપાર્ટ, હૈદર, બાળાજી વિશ્વનાથ, નાનાફડનવીસ વગેરે મહા પુરુષો થયા છે અને તેમણે આત્મબળવડે પોતાનાં કાર્ય સિદ્ધ કર્યાં છે.

संयम के हृदयबळ.

“ જે બળ આપણને આપણો ધર્મ બજાવવામાં સદા તત્પર રાખેછે; ગમે તેટલો પ્રતિરોધ થાય; ગમે તેવી ચેષ્ટા થાય; આપણને અત્યન્ત હાનિ કે વિઘ્ન થાય; કિંવા આવી પડે તો પણ જે આપણને ખરૂં લાગે તેનો સદા વિચાર કરવાને, તે કહેવાને, કે કરી બતાવવાને આપણને સુદૃઢ રાખેછે, તેવા બળને “ **સંયમ કે હૃદયબળ** ” કહેછે :—

નિર્ભયતાથી આપણાથી થએલા દોષોનો સ્વીકાર કરવો; આપણે છીએ તેવા દેખાવામાં જરા પણ શરમ ન રાખવી; બીજા કરતાં નિર્ધન જણાઈએ અથવા નબળા કે અજ્ઞાન જણાઈએ, તોપણ તેથી લજવાવું નહિ, તથા સામાન્ય રીતે કહીએ તો બીજાઓના પ્રમાણમાં આપણી અધમ સ્થિતિ જણાય તેથી સંકોચ ન પામતાં સર્વે અવસ્થામાં મનુષ્ય કૃપાની ગણનાનો વિચાર લાવ્યાવિના, કેવળ આપણા ધર્માર્થે કૃત્ય કર્યા જવું, એ પણ હૃદયબળનાં પરિણામ છે. અને એ સર્વોત્કૃષ્ટ બળવડે **ભીષ્મ, દ્રોણ, કરણ, કૃષ્ણ, અર્જુન, રામ, પ્રતાપ, શિવાજી** વગેરે પોતાની અમર કીર્તિ મૂકી ગયા છે, જેનાં નામ આજથી હજારો વર્ષે પણ મનુષ્યના હૃદયસ્થાનમાંથી ખસશે નહિ.”

“जननी जणजे जन भला, कां दाता कां शूर,
नही तो रहे जे वांझणी, मत गुमावीश नूर.”



(વિદ્યાનો જય.)

હસ્તિનાપુરમાં કૌરવાની પાઠશાળાના અધ્યક્ષ દ્રોણાચાર્યે કર્ણને દાસી પુત્ર ગણી, અસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરાવવાની ના પાડી, તેથી નિરાશ ન થતાં પરશુરામની સેવામાં બ્રાહ્મણવેશે તે દાખલ થયો; કારણ કે ક્ષત્રીઓ તરફ પરશુરામને ઘણો અભાવ હતો:—"એક વખત સહસ્ત્રાર્જુનના દીકરાઓએ પરશુરામના પિતા જમદગ્નિને મારી નાંખ્યા, તે વખતે તેમની મા રેણુકાએ એકવીસવાર છાતી કુટી પોતાના દીકરા પરશુરામને સંભાર્યા હતા. તે ઉપરથી તેમણે એકવીસ વાર ક્ષત્રીઓને મારી પિતાનું વેર લીધુ હતું. આ કારણથી તે હંમેશાં ક્ષત્રીઓ તરફ વૈરભાવ રાખતા હતા."

કર્ણમાં ચંચળતા શૌર અને ઉત્સાહ હોવાથી ગુરૂ તેના પર ઘણા પ્રસન્ન રહેતા. એક વેળા પરશુરામ બપોરની વખતે કર્ણના ખોળામાં માથું મૂકી સુતા હતા, તેવામાં એક ભમરાએ કર્ણની આખી જાંઘ કોતરી કાઢી અને રૂધીરની ધારા વહેવા લાગી, તોપણ તે ધૈર્યવાન, પોતાના ગુરૂ જાગે તે કારણસર જરાપણ હાલ્યો નહિ! આવી સ્થિતિમાં તે ઘણા વખત રહ્યો! તેવામાં રૂધીર ટાઢું લાગવાને લીધે પરશુરામ જાગી ઉઠયા, અને જુએ છે તો, કર્ણની જાંઘમાંથી લોહીની ધારા વહેતી નજરે પડી. શિષ્યનું ધૈર્ય, પરાક્રમ અને શૌર જોઈ ગુરૂ ઘણા પ્રસન્ન થયા અને બોલ્યા કે, હે, વત્સ! તું બ્રાહ્મણ તો નહિજ હશે! કારણ કે

આટલું ધૈર્ય બ્રાહ્મણ વર્ગમાં હોય નહિ! કર્ણ બોલ્યો હે, ભક્તિ ભાજન, તમારૂં કહેવું ખરૂં છે! અને તેને વાસ્તે હું દરગુજર ચાહું છું. કર્ણના સત્ય ભાષણથી તે ઘણા ખુશ થયા અને તેને મહા સમર્થ યોધ્ધાને યોગ્ય કીધો, જે બળથી તે દુર્યોધનનો મિત્ર થયો અને અંગ દેશનો રાજા બન્યો. "આગ્રહ, ખંત અને સત્ય માણસને મોટા માનને યોગ્ય કરેછે."

टीटोडीए समुद्रनो पराभव कर्यो:-

सतत उद्योग अने आत्मश्रद्धाः—સમુદ્ર કિનારે મુકેલાં ટીટોડીનાં[1] ઈંડાંને સમુદ્ર પોતાના મોજાથી પાણીમાં ઘસડી ગયો. ટીટોડીએ આ દુઃખથી કંટાળી પોતાના ધણીને સમુદ્રને શિક્ષા કરવાને ફરમાવ્યું. ટીટોડાએ કહ્યું, સમુદ્ર જેવા અતિ મહાન શત્રુને આપણા જેવું તુચ્છ પક્ષિ શી શિક્ષા કરી શકે? તેથી તું એ વિચાર છોડી દે. પણ આથી ટીટોડીનું સમાધાન થયું નહિ, ને તે બોલી કેઃ—"શા માટે સમુદ્રને શિક્ષા ન કરાય?" કરી શકવાનું મારામાં બળ છેજ; એ નિશ્ચયથી ટીટોડીએ પ્રયત્ન આરંભ્યો. સમુદ્રને ખાલી કરી નાંખવા તેણે પોતાની ચાંચમાં એક એક બિંદુ લઈ બહાર કાઢવા માંડયું. ટીટોડાએ તેને પ્રયત્નથી વિરામ પામવા બહુ બહુ સમજાવી, પણ ટીટોડીએ પોતાને નિશ્ચય છોડયો નહિ. ત્યારે તે પણ પોતાની પ્રિયા સાથે તેજ પ્રયત્નમાં જોડાયો. બીજાં પક્ષિઓ પતિ પત્નીને આ પ્રકારનો નિષ્ફળ પ્રયત્ન કરતાં જોઈ વારવા આવ્યા, પણ તેમણે કોઈનું માન્યું નહિ, અને પ્રયત્ન તજ્યો નહિ. બીજાં પક્ષીઓને પણ આમના પ્રયત્ન તરફ દયા આવવાથી તેમને મદદ કરવામાં સામેલ થયાં. આ પ્રમાણે લાખો પક્ષીઓ સમુદ્રના જળને પોતાની ચાંચમાં ભરીભરીને ખાલી કરવાના પ્રયત્નમાં જોડાયાં. આ સમયમાં **નારદ** મુની ત્યાં ફરતા ફરતા આવી ચઢયા. પક્ષીઓનો અચલ નિશ્ચય તથા ભગીરથ[2] પ્રયત્ન જોઈ તેમને દયા આવી,

---

૧ એક જાતના પક્ષીની માદા છે. ૨ મોટો પ્રયત્ન.

અને તેમણે વિષ્ણુલોકમાં જઈ ગરુડને કહ્યું કેઃ—" સર્વે પક્ષિઓનો રાજા, તથા ત્રિલોકના અધિપતિ વિષ્ણુ ભગવાનનું વાહન એવો તું હજી વિદ્યમાન છતાં સમુદ્ર ઉન્મત્ત થઈને તારી જ્ઞાતિનાં આ બિચારાં પક્ષિઓને નિર્માલ્ય જાણી સંતાપે છે, એ શું તનો શરમાવા જેવું નથી !! " નારદનાં વચનોથી ગરુડ ઉશ્કેરાયો, ને સમુદ્ર કિનારે આવ્યો; તેના સામર્થ્યને જાણી સમુદ્ર કંપ્યો, અને ટીટોડીના ઈંડાં તેણે પાછાં આપ્યાં. અસંભવિત અને અસાધ્ય કાર્ય પણ પોતાના નિશ્ચય અને સતત પ્રયત્નથી આ નાનાં પક્ષિઓએ કર્યું ! તો મનુષ્યજાત શું, ન કરી શકે તે વિચારો ! **"સતત ઉદ્યોગ અને આત્મશ્રદ્ધા અસાધ્ય કામો પણ સાધ્ય કરેછે."**

भारत भूमीनुं रत्न.


કૌરવ પાંડવોના વખતમાં **હસ્તિનાપુરમાં** અસ્ત્રવિદ્યાને અભ્યાસ કરવા માટે દ્રોણાચાર્યે મોટી શાળા સ્થાપી હતી. ત્યાં રાજકુમારો વિદ્યાભ્યાસ કરતા હતા. તે વખતનો લાભ લઇને એક અનાર્ય ભીલ્લ યુદ્ધ કળા શીખવાની ઇચ્છાથી ત્યાંના અધ્યક્ષ દ્રોણાચાર્યને અરજ કરવા ગયો હતો, પણ તે વખતના જાતિ રિવાજ પ્રમાણે હલકા વર્ગને ઊંચ વિદ્યા શીખવાય નહિ, એવા હેતુથી તેને પાઠશાળામાં દાખલ કર્યો ન હોતો. આ દૃઢ નિશ્ચયવાળા ભીલ્લે આથી નિરાશ ન થતાં પોતાનો આગ્રહ જારી રાખ્યો. તેણે થોડો વખત દ્રોણાચાર્યની સુરત-શરીર-તરફ ધ્યાન કરી લીધું, અને પોતાના અખાડામાં તેમની મૂર્તિ બનાવી બેસાડી.

દરરોજ તે મૂર્તિ આગળ પોતાની યુદ્ધકળા અજમાવતો હતો. થોડે વખતે તે પોતાના કામમાં એટલો બધો પાવરધો થયો કે બીજા શસ્ત્ર ધારીઓ કરણ જેવા પણ તેની ઇર્ષા કરવા લાગ્યા. એક વખતે તે પોતે દ્રોણાચાર્યના પરિચયમાં આવી ચઢ્યો.

જેનું પરાક્રમ જોઈ તેઓ ઘણું આશ્ચર્ય પામ્યા, અને તેને પૂછ્યું કે અલ્યા, યુવક! તે આ વિદ્યા કયે રસ્તે પ્રાપ્ત કરી? ત્યારે તે ભીલ્લ બોલ્યો કે:—"હે કૃપાળુ. તમોએ મારી અરજ તરફ ધ્યાન ન આપ્યું તે સમયે આપ કૃપાળુની મૂર્તિ મેં બરાબર ધ્યાનમાં રાખીને તેનું પૂતળું બનાવી મારા અખાડામાં પધરાવ્યું છે. એક ગુરૂ સમક્ષ એક શિષ્ય જેટલું ધ્યાન આપે, તેટલું પૂર્ણ ધ્યાન આપી આપની કૃપાનો પ્રસાદ મેં મેળવ્યો છે." પોતાના તરફ અપ્રતિમ ભક્તિભાવ, આગ્રહ, ખંત અને સત્ય જોઈ તેઓ ઘણા ખુશી થયા. ઘણા આર્દ્ર હૃદયથી ગુરૂ સામે હાથ જોડી તે ભીલ્લ ઉભો રહ્યો, અને ગુરૂ દક્ષિણા તરીકે કંઇ માગવાને દ્રોણાચાર્યને અરજ કરી.

ગુરૂએ તેની ભક્તિ જોવા તે ભીલ્લના જમણા હાથનો અંગુઠો માગ્યો, જે આપ્યાથી યુદ્ધ વખતે તે ધનુષ્યની પણછ—દોરી ખેંચી શકે નહિ અને તેની સઘળી વિદ્યા વ્યર્થ જેવી થઈ પડે! તોપણ તે ઉદાર ભીલ્લે વિના વિચારે પોતાનો અંગુઠો પોતાના શસ્ત્રથી કાપી ગુરૂની સેવામાં રજુ કર્યો! છેવટે તે ઉદાર ગુરૂએ તે ભીલ્લની સર્વ જાતની ઇચ્છાઓ પૂર્ણ કરી, મોટા માનને યોગ્ય કર્યો.

ભારત ભૂમિમાં કેવાં કેવાં રત્નો ઉત્પન્ન થયાં છે; ગુરૂની સેવા કરવામાં શિષ્યો કેવા તત્પર હતો, આગ્રહી મનુષ્યો પોતાનું કામ કેવી રીતે પાર મૂકે છે; એ સર્વ આ પાઠ ઉપરથી આપણે જાણી શકી શું.



जोन्स हेन्वे.

आत्मिक बळ:—ઉપલા નામનો માણસ સને ૧૭૫૦ ની સાલમાં ચીનની મુસાફરી કરવા ગયો હતો, ત્યાંથી એક છત્રી લાવ્યો હતો; તે લંડન શેહેરમાં પ્રથમજ લઇને ફરવા નીકળ્યો હતો, તે આગમજ યૂરોપખંડમાં છત્રીઓ વપરાતી ન હતી. જ્યારે તે પહેલ વહેલો "વર્ષા ઋતુ" માં હાથમાં છત્રી લઈ સરિયામ રસ્તા ઉપર નીકળ્યો, ત્યારે લોકોએ તેને ધુતકારી કહાડયો અને તેનો તિરસ્કાર કર્યો ને કેટલાક જણે છુટા પત્થરા પણ માર્યા. આ વાત ઉપરથી આપણે સમજવાનું કે છત્રી જેવી નાની વસ્તુનો ઉપયોગ કરતાં શીખવવાના કામમાં પણ "આત્મિક" બળની કેટલી જરૂર પડેછે! જે વસ્તુ આજથી દોઢસો વર્ષ પહેલાં લોકની દૃષ્ટિએ વિચિત્ર માલમ પડી હતી અને તેની ચેષ્ટા થઈ હતી, તે વસ્તુ અત્યારે ઇંગ્લાંડ દેશમાં ઘણું કરીને દરેક જણ વાપરે છે, અર્થાત કે કોઈ નવી વસ્તુ કે ધારો દાખલ કરવામાં પણ "આત્મિક" બળની જરૂર છે.

लोर्ड बिकन्स फिल्ड.

विघ्नथी पाछा हठवुं नहि:—જ્યારે લોર્ડ બિકન્સ ફિલ્ડે પાર્લામેન્ટમાં પ્રથમ ભાષણ કર્યું ત્યારે તેને લોકોએ હસી કાઢયો હતો અને ભાષણ કરતાં બંધ રહેવાની જરૂર પાડી હતી. પણ તે નિષ્ફળતાથી નિરાશ થયો નહિ, ને પોતાના આસનપર બેસતી વેળાએ બોલ્યો કે "મેં બહુવાર ઘણાં કામ આરંભ્યાં છે; અને તેમાં અંતે હું સફળ થયો છું, અત્યારે તમો સર્વની આજ્ઞાને તાબે થાઉં છું પણ એકવાર એવો સમય લાવીશ કે તમે જાતેજ મારા બોલ સંભળવાને આતૂર રહેશો." લોર્ડ બિકન્સ ફિલ્ડે દૃઢતા રાખી પોતાના કામમાં ઉદ્યોગી રહ્યા કર્યું, અને અંતે એવો સમય આવ્યો કે તે વખતે "ઇંગ્લાંડના" સર્વે લોક તેના બોલ શ્રવણ કરવાને માટે બહુ ફાં ફાં મારવા લાગ્યા. માટે શુભ કામ કરવામાં વિઘ્ન આવી પડેછે તોપણ નિરાશ ન થતાં પુનઃ પુનઃ પ્રયત્ન કરવાથી તે સફળ થાય છે.

ડૉકટર શ્લીમેન.

(આગ્રહ યુક્ત પ્રયત્ન આગળ, કશુંજ અશક્ય નથી.)

કોઈ પણ વસ્તુને પ્રાપ્ત કરવાની અત્યંત આતુર ઇચ્છા જ્યારે આપણને થાય છે, ત્યારે પરિણામે તે વસ્તુ થોડે ઘણે અંશે પણ પ્રાપ્ત થયાવિના રહેતીજ નથી; કારણ કે ફળને પ્રાપ્ત કરાવનાર આગ્રહવાળો પ્રયત્ન અત્યંત આતુર ઇચ્છામાંથી જન્મે છે. એ રીતે જેણે જેણે સ્વાશ્રયથી પોતાનાં કાર્ય સિદ્ધ કર્યાં છે તેની નામાવળીની યાદ તમારા આગળ રજુ કરૂં છું:—

કૃષ્ણ, કર્ણ, અર્જુન, દુર્યોધન, દ્રોણ, ભીષ્મ, વનરાજ, સિદ્ધરાજ, કુમારપાળ, શિવાજી, પ્રતાપ, સંગ, જયમલ; સકતાવત, નાનાફડનવીસ, બાળાજી વિશ્વનાથ વગેરે.

પ્રબળ આતુર ઇચ્છા કાર્યને સિદ્ધ કરવાનાં સાધનો—ગમે તેટલાં અજ્ઞાન હોય છે તોપણ—શોધી કાઢયાવિના રહેતીજ નથી; પછી તે સાધનો બ્રહ્માંડની અંદર હોય કે બ્રહ્માંડની બહાર હોય, ને તેવાં ઉદાહરણમાં એક નીચેની વાત જાણવા જેવી છે:-"કેટલાંક વર્ષ પૂર્વે એક **જર્મન** બાળકના વાંચવામાં "**ટ્રોય**"ના ઘેરાનું વર્ણન આવ્યું. વાંચતાં વાંચતાં તે પ્રાચીન નગરનાં ખંડેરો શોધી કાઢવાની તેને ઇચ્છા થઈ આવી. "ટ્રોય" નામનું કોઈ નગર પૂર્વે અસ્તિત્વમાં હોય તોપણ તેનો નાશ થઈ ગએ ત્રણ હજાર વર્ષ વીતી ગયાં હતાં. તે ક્યાં હતું, તે જાણવાનું તેની પાસે કશુંજ સાધન ન હતું; તોપણ તે **જર્મન** બાળક બોલ્યો, "હું તે શોધી કાઢીશ."

ગરીબ અવસ્થા હોવા છતાં અને પથારીમાંથી ઉઠતો ત્યારથી તે સુવા પામતો ત્યાંસુધી ગદ્ધા વૈતરૂં કરવાનું હોવા છતાં, પણ તેણે પુસ્તકો સંપાદન કર્યાં, અને સાત ભાષાઓનો અભ્યાસ

કર્યો. દ્રવ્ય અભિલાષાથી અને આગ્રહયુક્ત ઉદ્યોગથી મોટો દ્રવ્યવાન થયો, અને એક મજુરોની ટોળી લઈ પ્રવાસે નિકળ્યો, અને વર્ષોનાં વર્ષસુધી પોતાની શોધ ચલાવી, અને આખરે "ટ્રોય" નગર શોધી કાઢ્યું! અને આ શોધથી આખું યૂરોપ ચકિત થઇ ગયું!

जापाननां बाळको.

જાપાનનાં બાળકો જેટલાં આજ્ઞા પાલક અને આદરશીલ હોય છે, તેટલાં બીજા કોઈપણ દેશમાં હાલ જણાયાં નથી. એ બાળકો બહાર જતી વખતે પોતાનાં માબાપને પ્રણામ કરીને પરવાનગી માગેછે, અને પાછાં ઘેર આવે ત્યારે પુનઃ પ્રણામ કરેછે.

"माता तु पृथिव्या मूर्तिः पिता मूर्तिः प्रजापतेः"

માતા પૃથ્વીવત પૂજ્ય છે, અને પિતા પ્રજાપતિ પેઠે વંદ્ય છે. આ વચનનું અક્ષરશઃ પાલન જાપાનમાં થાયછે. ગૃહમાંથી નીસરતાં તથા પુનઃ ગ્રહમાં પ્રવેશતાં ઉત્તમ માતા પિતાના સદ્‌ગુણશાળી બાળકો પોતાનાં તે માતાપિતાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરેછે, આ નીતિ કેટલી ઉત્તમ છે? જ્યાં માતાપિતા જે ગૃહનાં રાજારૂપ છે, તેમને માટે અત્યન્ત સન્માન હોય તથા ત્યાં સર્વ ગૃહો ઉત્તમ નીતિ, ભક્તિ સદ્‌ગુણ વગેરેનાં સ્થાન હોય, તેમાં શી નવાઇ?! આજ કારણથી તે દેશ અત્યારે સર્વ વાતમાં ઉન્નત થએલો છે. જ્યાં પિતૃભક્તિ નથી, ત્યાં ઉન્નતિપણ થોડી જ.

उंदरनी पितृभक्ति.

દરેક બાળકે પોતાના માબાપની સેવા કરવી, તેમની આજ્ઞામાં રહેવું, સાચું બોલવું, એવા અનેક ધર્મો આપણા શાસ્ત્રમાં બતાવ્યા છે. **રામચંદ્ર, ધર્મ, ભીષ્મ, શ્રવણ, શિવાજી,** વગેરે અનેક મહા પુરૂષોએ પોતાના માબાપની સેવા કરી પોતાની કીર્તિને આ જગત્માં અમર રૂપે મૂકી છે, પણ ઉંદર જેવાં ક્ષુલ્લક હલકાં-પ્રાણીઓ પણ પોતાના અવસાને પણ "પિતૃ-ભક્તિ" નો ધર્મ ભૂલતાં નથી તેનું એક ઉદાહરણ મળી આવ્યું છે, તે નીચે તમો બાળકોને જાણવા માટે લખ્યું છે:-"એક વખત એક આગબોટમાં ઘણા ઉંદરો વધી પડ્યા હતા, ને તે બોટમાં માલની ગુણો કાપી ખાતા હતા, તેથી કંટાળી કપ્તાને ખલાસીઓને હુકમ કર્યો કે, અંદર ગંધક આદિ ઝેરી પદાર્થો સળગાવી ખૂબ ધુમાડો કરી તેમને મારી નાખવા. આ પ્રયોગ શરૂ થતાં, ઘણા ખરા ઉંદરો મરી ગયા, અને કેટલાક પોતાની રહેવાની જગા છોડી તુતક ઉપર આવવા લાગ્યા, એટલે તેમને પણ પકડી પકડીને ખલાસીઓએ મારી નાખવા માંડ્યા. આ બનાવ વખતે તેમને એક અજાયબ જેવો દેખાવ નજરે પડયો. એક ઉંદર પોતાની પૂંછડી એક આંધળા ઉંદરના મોમાં આપીને તેને દોરી લાવતો હતો, અને બીજો એક ઘરડા અને ખખ થઈ ગએલા ઉંદરને પોતાની પીઠ ઉપર ઉંચકીને ચાલતો હતો. વિચાર કરતાં તેમને જણાયું કે, આ આફત વખતે તે બંને છોકરાઓ પોતાનાં ઘરડાં માબાપને બચાવવાને આ રીતે લાવતા હતા. તેથી ખલાસીઓને ઘણું આશ્ચર્ય લાગ્યું, કે આવાં નાનાં પ્રાણીઓમાં પણ "પિતૃભક્તિ" ની કેવી લાગણી છે! આથી તેઓએ ખૂશી થઈ ચારે ઉંદરોને જીવત દાન બક્ષ્યું. અને ગોદીના બાગમાં તેમને છુટા મૂકી દીધા."

માબાપની સેવાનો કેવો લાભ છે તે વિચારો.

स्त्रीओमां पण ब्रह्मचर्य, अने तेमनी प्राचीन उंच स्थिति.

એક વખત સુલમા નામની નૈષ્ઠિક બ્રહ્મચારિણી રાજ કન્યા જનક રાજાની સભામાં આવી છે, તે વખતે રાજાએ તેને પૂછ્યું કે:—હે વિદુષી! આપ કોણ છો! અને કઈ ભૂમીને આપની ચરણ રજે પવિત્ર કરી છે!!

તેના જવાબમાં તે બોલી કે:—

" साहं तस्मिन् कुले जातामर्तर्यसाति मद्विधे।
विनीता मोक्ष धर्मेषु चराम्येका मुनि व्रतम् ॥ "

"હું ક્ષત્રિય કુલ અર્થાત્ રાજ્ય કુળમાં ઉત્પન્ન થઇ છું, અને ગુરૂઓથી વિદ્યાભણી બ્રહ્મચર્યાવસ્થાની સમાપ્તિ પછી મને યોગ્ય વિદ્યાદિયુક્ત જેવો જોઇએ તેવો પતિ નહિ મળવાથી મેં સન્યસ્ત ગ્રહણ કીધો છે."

" જે સમયમાં સ્ત્રીઓપણ પૂર્ણ બ્રહ્મચર્ય પાળી યુવાવસ્થામાં આવતાં પોતાને યોગ્ય પતિ શોધીને લગ્ન કરતી હશે, તે સમયનું ચિત્ર કેવું પ્રેમ પરીપૂર્ણ રમણીય હશે! વળી તેની ઉચ્ચતર ભૂમિકા કે જેમાં યોગ્ય પતિ નહિ મળવાથી "સન્યસ્ત" ગ્રહણ કરી જગતનો ઉપકાર કરવા સ્ત્રી જાતિ અને વળી તેમાં ક્ષત્રિય કુલોત્પન્ન રાજ કન્યાઓ, સૌંદર્યતા, મધુરતા, સ્વતંત્રતા અને નિ:સ્વાર્થની રમણી મૂર્તિઓ જ્યારે મહાત્મા તત્વજ્ઞાની જનક જેવાની રાજ સભામાં દેદીપ્યમાન પ્રકાશતી હશે, તે વખતના પ્રભાવની શું અલૌકીકતા હશે?! હતભાગ્ય હિંદ તને હાલતો તેવી સ્થિતિનાં સ્વપ્નમાં પણ નહિ થશે!!

सत्यकाम जाबाल.

સત્યકામના પિતા તેને નાની ઉમરના મૂકી મરણ પામ્યા હતા, તેથી તે ઋષિ મુનીઓની સેવામાં રહી અભ્યાસ કરતો હતો. જ્યારે તેને "ઉપનયન" સંસ્કાર કરવાનો વખત આવ્યો ત્યારે મહાત્મા, **ગૌતમે** તેને આજ્ઞા કરી કે તું તારી માતુશ્રીને પૂછી આવ કે તારૂં ગોત્ર શું!

સત્યકામે પોતાની માતા પાસે જઈ ઉપરનો પ્રશ્ન કર્યો, ત્યારે માતા કહેછે કે:—"હે, પુત્ર! સ્વામીની સેવામાં હું હંમેશાં નિરત—ગુંથાયલી—રહેવાથી તારા પિતાના ગોત્રની મને ખબર નથી, પણ તું મહારાજને કહે કે મારૂં નામ "**સત્યકામ જાબાલ છે.**" તેથી તે જાણી શકશે."

આવાં તેની માતુશ્રીનાં વચનથી ઋષિ બોલ્યા કે:—"બ્રાહ્મણ કુળ વગર આવી સત્ય વાણી હોયજ નહિ! માટે બેટા તું બ્રાહ્મણજ છે, એમ બોલી સમીધ મંગાવી તેને "ઉપનયન" નો સંસ્કાર કર્યો" આથી તે મોટી પદવીને યોગ્ય થયો. જેનો આશ્રમ હાલપણ **ઉત્કંઠ મહાદેવ** જે **કપડવણજ** તાલુકામાં **વાઘજી**પુરને નામે ઓળખાય છે, ત્યાં જોવામાં આવેછે. સત્ય સેવા અને સત્ય વચનનો કેટલો લાભ છે!!

(૧) ઉપનયન એટલે ગુરુ પાસે ગએલાને "હું વિદ્યા આપીશ" એમ અંગીકાર કરીને શિષ્ય તરીકે ગુરુ પોતાની પાસે બેસાડે તે.

आपणी पडतीनां कारण.

(૧) બાળ લગ્ન.

(૨) બાળાઓને શાળામાં મોકલવાનો અભાવ.

(૩) દૃઢ નિશ્ચયની ન્યૂનતા.

(૪) મનને વ્યવસ્થામાં રાખવાનું અસામર્થ્ય.

(૫) શરીરબળ અને મનોબળ વગેરેનો વ્યર્થ ક્ષય કરી નાખવાની ટેવ.

(૬) જે સમયે જે કરવું જોઇએ, તે કરવાનું અજ્ઞાન.
(૭) સત્તા કરતાં માનની વધારે અપેક્ષા.
(૮) ભ્રાતૃ ભાવ, કુટુંબ ભક્તિ, ગુરૂસેવા ઓછાં.
(૯) ફરજ એ શું ચીજ છે, તેની ગેરસમજ.

आशीर्वचन.

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત.)

વિદ્યાનો જગમાં વધો વિજયને અજ્ઞાન સૌ નાસજો,
જ્ઞાનીના અનુવર્તને જનસહુ સંસારમાં વર્તજો;
વિદ્યાને શ્રી સરસ્વતિ સખી થઈ સાથે રહી મ્હાલજો,
સંતોષી સુખી સર્વને કરી પછી આનંદ વરસાવજો.

સમાપ્ત.

અમારે ત્યાંથી નીચે જણાવેલાં પુસ્તકો મળશે.

	રૂ.	આ.	પા.
બાળ વિનોદ	૦	૫	૬
આનંદમાળા ભાગ, ૧ લો...	૦	૫	૦
આનંદમાળા ભાગ, ૨ જો...	૦	૫	૦
વિદ્યાર્થીઓને બોધ વચન	૦	૨	૬
જસ્ટિસ તેલંગનું જીવન ચરિત્ર	૦	૨	૦
પંડિત અયોધ્યાનાથનું જીવન ચરિત્ર	૦	૧	૦
લેખનકળા કોપી બુક (૭ ભાગમાં) દરેકની ...	૦	૨	૦
નંબર બુક	૦	૧	૦

મળવાનાં ઠેકાણાં.

એન. એમ. ત્રિપાઠીની કંપની પ્રિન્સેસ રોડ. મુંબઈ.

એન. ડી. મહેતાની કંપની કાલબાદેવી રોડ, મુંબઈ.

જગન્નાથ જેઠાભાઈ રાવળ. ગુલાલવાડી દાક્તર શીવદાસ
પરમાનંદદાસના માળામાં ગીરગામ–મુંબઈ.

રા. રા. મોતીલાલ હરિરામ માસ્તર.
લુણછા વાડામાં ધંતુરાની પોળ, અમદાવાદ.

રા. રા. લીલાધર ગૌરીશંકર રાવળ, અગર
જગન્નાથ જેઠાભાઇરાવળ, કેવડીઆમાં. ધોળકા.

મુંબઇ—ખેતવાડી બ્યાકરોડ ઘર નં. ૧–૨ અને ૩ અહીંઆ
"તત્વવિવેચક"છાપખાનામાં રા. ભીવા હરીએ માલકને માટે છાપ્યું.